वर्ष ११ अंक ४ ઓક્ટોબર – ડિસેમ્બર, ૨૦૦૬

उन्नति

# વિચાર

## અનુક્રમ


| | |
|---|---|
| **સંપાદકીય** | 1 |
| **વિકાસલક્ષી મુદ્દાઓ** | |
| ■ મહિલાલક્ષી અંદાજપત્રઃ મહિલા સશક્તિકરણનું મહત્ત્વનું સાધન | 2 |
| **આપણી વાત** | |
| ■ મહિલાલક્ષી અંદાજપત્ર અને વિશ્લેષણઃ ગુજરાતના અનુભવો | 12 |
| **આપના માટે** | |
| ■ પંચાયતમાં મહિલાલક્ષી અંદાજપત્ર | 15 |
| ■ ભારતમાં મહિલાલક્ષી અંદાજપત્ર | 17 |
| **સાંપ્રત પ્રવાહ અને આગામી કાર્યક્રમ** | 19 |
| **અમારા વિશે** | 26 |


**સંપાદક ટીમ**
દીપા સોનપાલ
હેમન્તકુમાર શાહ
બિનોય આચાર્ય

વાર્ષિક લવાજમઃ રૂ.૨૫/- ડ્રાફ્ટ કે મની ઓર્ડર 'ઉન્નતિ' વિકાસ શિક્ષણ સંગઠનના નામે મોકલવા.

**ફક્ત અંગત વિતરણ માટે**

## સંપાદકીય

### સ્થાનિક સ્તરથી મહિલાલક્ષી અંદાજપત્ર

આરંભમાં, હું એમ કહેવા માગીશ કે 'સ્ત્રી-પુરુષ ભેદભાવ' (જેન્ડર) શબ્દની સમજ જ આપણા સમાજમાં સ્ત્રીઓ અને પુરુષો વચ્ચે મર્યાદિત છે. આ શબ્દનો સૂચિતાર્થ માત્ર સ્ત્રીઓ નથી, પરંતુ તેમાં પુરુષોનો, છોકરાઓનો અને છોકરીઓનો સામાજિક પર્યાવરણમાં સમાન પક્ષો તરીકે થાય છે. સદીઓથી સ્ત્રીઓની સ્થિતિ પિતૃસત્તાક મૂલ્યોને લીધે તાબેદારીની થઈ ગઈ. સમાજનું માળખું આર્થિક શરતોને આધારે બનવાનું શરૂ થયું અને સંભાળના અર્થતંત્રને અવગણવામાં આવ્યું - એટલે કે જેની ચુકવણી થતી નથી એવી પારિવારિક અને સામુદાયિક પ્રવૃત્તિઓને અવગણાઇ કે જે માનવ જીવનને ટકાવતી હતી - ત્યારથી રાષ્ટ્રો અને સ્ત્રી-પુરુષો વચ્ચે જ્ઞાતિ, વર્ગ, જાતિ, ધર્મ અને વંશીયતાના તફાવતોને આધારે અસમાનતાઓ વધવાનું શરૂ થયું. તેણે લોકોમાં શ્રેણીઓ ઊભી કરી. તેમાં સ્ત્રીઓનો પણ સમાવેશ થયો કે જેઓ અસહાય બની અને હવે વિકાસની પ્રક્રિયામાં તેમનો સમાવેશ કરવાના વિશેષ પ્રયાસોની જરૂર છે.

સ્વાતંત્ર્ય બાદ સરકાર અને અન્ય વિકાસલક્ષી સંસ્થાઓ દ્વારા આપણા દેશમાં સ્ત્રીઓનો દરજ્જો ઊંચો લાવવાના અને સ્ત્રીઓ તેમ જ પુરુષો વચ્ચેની ભેદભાવની ખાઈ ઘટાડવાના પ્રયાસો થયા છે. સ્ત્રી-પુરુષ સમતા ઊભી કરવાની પ્રક્રિયાને સુલભ બનાવવા માટે કાયદાઓ, નીતિઓ અને કાર્યક્રમો બનાવવાનું પૂરતું નથી પરંતુ પંચાયત, નગર, જિલ્લો, રાજ્ય અને કેન્દ્ર સ્તરે સ્ત્રીઓ અને પુરુષો માટેની બજેટની ફાળવણી અને વાસ્તવિક ખર્ચની શી અસર થઈ છે તેનું વિશ્લેષણ કરવાનું એટલું જ મહત્ત્વનું છે. વળી, સાથે સાથે એ સ્ત્રીઓ અને પુરુષો વચ્ચેની ખાઈ ઘટાડવામાં અને કઈ રીતે ઘટાડવામાં તે સક્ષમ બન્યું છે કે કેમ એ પણ આ પ્રક્રિયામાં તપાસવાનું છે.

'મહિલાઓ પ્રત્યે પ્રતિભાવાત્મક કે સંવદેનશીલ અંદાજપત્ર' અનેકવિધ પ્રક્રિયાઓ અને સાધનોનો સંદર્ભ આપે છે કે જે સ્ત્રીઓ અને પુરુષોનાં વિવિધ જૂથે ઉપર સરકારી અંદાજપત્રોની શી અસર પડી તે ચકાસવાનો પ્રયાસ કરે છે અને તે સમાજ અને અર્થતંત્રમાં ગાઢ રીતે પ્રવર્તમાન સ્ત્રી-પુરુષ સંબંધોને તેમાં સ્વીકારીને ચકાસે છે. તેથી, મહિલાલક્ષી અંદાજપત્રોનો મુખ્ય ઉદ્દેશ નીતિવિષયક નિવેદનો અને તેમના અમલ માટે પ્રતિબદ્ધ સંસાધનો વચ્ચેની ખાઈને પ્રકાશમાં આણવાનો છે, કે જેથી વધારે સમાન રીતે જાહેરમાં નાણાં વપરાય તેની ખાતરી મળે.

માહિતીના આ યુગમાં વધુ માહિતી અપાય તો સમાજ વધુ સશક્ત બને છે. તેથી જાગૃતિ લાવવા માટે મહિલાઓ પ્રત્યે પ્રતિભાવાત્મક અંદાજપત્રો ઉપરની થાય છે.

હાલમાં, દેશમાં અને રાજ્યોમાં ગ્રામ સભા દ્વારા સ્થાનિક સ્તરે સંસ્થાગત વ્યવસ્થા અસ્તિત્વ ધરાવે છે કે જ્યાં સ્ત્રીઓ

**જુઓ પૃષ્ઠ ૨૮**

**'આવાસમાં પહોંચ: એક યાંત્રિક બાબત કે માનસ?' અંગેની એક પૂર્તિ સામેલ છે.**

# મહિલાલક્ષી અંદાજપત્રઃ મહિલા સશક્તિકરણનું મહત્ત્વનું સાધન

અંદાજપત્ર એ સરકારનું વાર્ષિક નાણાકીય નિવેદન છે. તેનું વિશ્લેષણ મહિલાલક્ષી ધ્યયોના સંદર્ભમાં શા માટે થવું જોઈએ. તેની ચર્ચા મહિલાલક્ષી અંદાજપત્ર (જેન્ડર બજેટિંગ)ની વિભાવના, તેનાં સાધનો અને મહિલાઓની તેમાં સહભાગિતાના સંદર્ભમાં અહીં કરવામાં આવી છે. આ લેખમાં શાસન અને વિકાસના સંદર્ભમાં મહિલાલક્ષી અંદાજપત્રની સામાજિક જરૂરિયાતની ચર્ચા કરવામાં આવી છે અને દુનિયાભરમાં તેને અંગે પ્રગટેલા વિવિધ ખ્યાલો અને વ્યવહારોની છણાવટ કરવામાં આવી છે. રાષ્ટ્રીય સ્તરે અને સ્થાનિક સ્તરે થયેલા આ માટેના પ્રયાસો અને ચર્ચાઓમાંથી ઊભી થયેલી સમજ પણ એમાં વ્યક્ત થાય છે.

### પ્રસ્તાવના

મહિલાલક્ષી અંદાજપત્રને મહિલાઓના સશક્તિકરણ માટે એક અગત્યનું સાધન ગણવામાં આવે છે. સમાજમાં સ્ત્રીઓ અને પુરુષો વચ્ચે ભેદભાવપૂર્ણ વ્યવહાર અને તેમાંથી ઊભી થતા સ્ત્રીઓ અને પુરુષોના સામાજિક અને આર્થિક વિકાસમાં તફાવતની પરિસ્થિતિને ધ્યાનમાં લઈએ તો મહિલાલક્ષી અંદાજપત્રની સમગ્ર વ્યવસ્થા સ્ત્રીઓને મુખ્ય પ્રવાહમાં લાવવા માટેની પ્રક્રિયાનો એક અગત્યનો ભાગ છે. આ અર્થમાં જોઈએ તો મહિલાઓને વિકાસના મુખ્ય પ્રવાહમાં લાવવા માટેની સમગ્ર પ્રક્રિયામાં મહિલાલક્ષી અંદાજપત્રની પ્રક્રિયા મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે.

એક અગત્યનો મુદ્દો અહીં ધ્યાનમાં લેવાનો છે અને તે છે રાજ્યની ભૂમિકાનો. રાજ્ય એક સામાજિક સંસ્થા તરીકે અસ્તિત્વ ધરાવે છે. સમાજના આર્થિક વિકાસની જેમ આવશ્યકતા છે તેમ એ વિકાસમાં સ્ત્રીઓ અને પુરુષો વચ્ચેના ભેદભાવ અને તફાવતો દૂર થાય તે માટે રાજ્યે ભૂમિકા ભજવવાની હોય છે. નાણાકીય ક્ષમતા હોય છે, અને તેથી તે માંગ અને પુરવઠાને આધારે કામ કરે છે. રાજ્ય સમાજનું પ્રતિનિધિત્વ કરે છે અને તેથી જ સામાજિક અને આર્થિક વિકાસની શક્ય તેટલી સમાન રીતે વહેંચણી થાય તે માટે તેણે પોતાનું ઉત્તરદાયિત્વ નિભાવવું પડે છે.

રાજ્ય જ્યારે પોતાની ફરજો અદા કરે છે ત્યારે એ ફરજોનું પ્રતિબિંબ અંદાજપત્રમાં પડે છે. દર વર્ષે સરકાર ક્યાંથી કેટલા પ્રમાણમાં આવક પ્રાપ્ત કરે છે અને એ આવકમાંથી ક્યાં કેટલા પ્રમાણમાં ખર્ચ કરે છે તેના અંદાજો દર્શાવતું અંદાજપત્ર એ એક વાર્ષિક નાણાકીય નિવેદન છે. તે વિવિધ ક્ષેત્રોમાં સરકાર આગામી નાણાકીય વર્ષ દરમ્યાન શું કરવા માંગે છે તેનું ચિત્ર આપે છે અને સરકારના વિકાસ અંગેના ઈરાદાઓ દર્શાવે છે. એથી સ્ત્રી-પુરુષ ભેદભાવ અને વિકાસના તફાવતો વિશે સરકાર શું કરવા ધારે છે તે તેમાંથી જાણવા મળે છે. આથી જ સરકારના દરેક સ્તરના આ અંદાજપત્રને સમજવાનું આ દૃષ્ટિએ ઉપયોગી થઈ પડે છે.

સાક્ષરતા, આરોગ્ય, રોજગારી વગેરે જેવી સામાજિક-આર્થિક વિકાસની બાબતોમાં અને પાણી, સફાઈ, વીજળી, રસ્તા વગેરે જેવી ભૌતિક માળખાગત સવલતોની બાબતોમાં વિકાસ માટે સરકાર જે કંઈ ખર્ચ કરે છે તેની અસર મહિલાઓ પર થયા વિના રહેતી જ નથી. કેટલુંક ખર્ચ સીધી રીતે મહિલાઓ પર અસર કરે છે તો કેટલુંક ખર્ચ મહિલાઓના જીવનને આડકતરી રીતે અસર કરે છે. આ બંને પ્રકારનાં ખર્ચને સમાજની આર્થિક-સામાજિક પરિસ્થિતિના સંદર્ભમાં તપાસવાનું મહિલાઓને રાષ્ટ્રીય જીવનના મુખ્ય પ્રવાહમાં લાવવાના કાર્યના સંદર્ભમાં જરૂરી બની જાય છે. આથી જ મહિલાલક્ષી અંદાજપત્રની વિશિષ્ટ ભૂમિકા છે.

મહિલાલક્ષી અંદાજપત્ર એ અર્થમાં જોઈએ તો સરકારોના અંદાજપત્રની છાનબીન છે. તે વહીવટી પ્રક્રિયાઓ અને કાર્યોને સામાજિક-આર્થિક ભેદભાવ અને તફાવતોને દૂર કરવાના સંદર્ભમાં મજબૂત કરવા માગે છે, કે જેથી મહિલાઓની સ્થિતિ સુધારવાનું ધ્યેય પાર પડે. તેમાં માત્ર મહિલાઓ માટે થયેલી સંસાધનોની ફાળવણી થઈ છે એવાં સંસાધનોમાંથી ખર્ચ કેટલું થયું, તેની શી અસરો થઈ અને લાભ કેટલાને મળ્યો વગેરે તમામ બાબતો ઉપર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે.

આપણા સમાજના અસહાય વર્ગોમાં મહિલાઓનો સમાવેશ થાય છે. અનેક ઐતિહાસિક, સામાજિક અને સાંસ્કૃતિક કારણોએ આ પરિસ્થિતિ ઊભી કરવામાં ભૂમિકા ભજવી છે. શિક્ષણ, આરોગ્ય, રોજગારી, સહભાગિતા વગેરે બાબતોમાં પુરુષો કરતાં સ્ત્રીઓ અનેક સમાજો અને પ્રદેશોમાં પાછળ રહી ગઈ છે. ગરીબી અને બેકારીની વિપરીત અસર પણ સ્ત્રીઓને વિશેષ પ્રમાણમાં થતી હોય છે. એટલે જેમ આયોજનમાં મહિલાઓના વિકાસ અને સશક્તિકરણને પ્રાથમિકતા

## સ્ત્રી-પુરુષ સમાનતા માટે બજેટ

સ્ત્રી-પુરુષ સમાનતા સિદ્ધ કરવા માટે કેન્દ્ર, રાજ્ય અને સ્થાનિક વહીવટી તંત્રોનાં અંદાજપત્રોમાં સંસાધનોની ફાળવણી અને તેમાંથી થતું ખર્ચ કેટલાં છે તે અગત્યનું બને છે. આ માટે નીચેના મુદ્દા મહત્ત્વના છેઃ

- પદ્ધતિ વ્યવસ્થિત કરવી, ધોરણીકરણ કરવું અને તે માટેનાં સાધનો વિકસાવવાં.
- વલણોનું વિશ્લેષણ
- જુદી જુદી સેવાઓ માટે થતી ફાળવણીમાં પ્રાથમિકતામાં ફેરબદલ.
- સંસાધનોની ફાળવણીમાં ફેરફારો અને વાસ્તવિક ખર્ચ.

કેન્દ્ર અને રાજ્ય સરકારોની રાજકોષીય, નાણાં અને વ્યાપાર નીતિઓનું મહિલાલક્ષી અન્વેષણ કરવું જરૂરી છે. તે માટે નીચેના મુદ્દા અગત્યના છેઃ

- ધિરાણ નીતિ, કરવેરા વગેરે જેવી સમગ્ર અર્થતંત્રલક્ષી નીતિઓના માર્ગદર્શન માટે સંશોધન અને અભ્યાસો.
- નીતિઓની અને દરમ્યાનગીરીઓની મહિલાઓ પરની અસરો. ઘણી વાર એમ માનવામાં આવતું હોય કે અમુક નીતિઓની અસરો તો મહિલાઓ પર પડે જ નહિ પણ ખરેખર મહિલાઓ પર અસર પડતી હોય.
- મહિલાઓની તરફેણમાં વિધાયક પગલાં ભરવા માટે સ્થાનિક કે સૂક્ષ્મ સ્તરીય અભ્યાસો.

ઉપરાંત, કેન્દ્ર અને રાજ્ય સરકારોનાં અંદાજપત્રોમાંની વિવિધ અને મહિલાલક્ષી યોજનાઓની અસરોનું મૂલ્યાંકન કરવા માટે આ મુદ્દા અગત્યના છેઃ

- કેટલો લાભ થયો તે તપાસવા માટેના અભ્યાસો.
- સેવાઓ પૂરી પાડવાના થતા ખર્ચનું વિશ્લેષણ.

મહિલાઓની સ્થિતિ પર થતી કાર્યક્રમોની, વ્યૂહરચનાઓની, દરમ્યાનગીરીઓ અને નીતિઓની અસરોની દૃષ્ટિકોણથી તેમનું વિશ્લેષણ કરવા માટે આ મુદ્દા અગત્યના છેઃ

- મહિલાઓના આરોગ્ય ક્ષેત્રે થતી વિવિધ દરમ્યાનગીરીઓ શી છે તેનું વિશ્લેષણ કરવું. તેમને માતૃત્વ મૃત્યુ દર જેવા નિર્દેશકો સાથે સાંકળવી અને તે મુજબ યોજના કે અભિગમમાં સુધારો કરવો.

મહિલાલક્ષી માહિતી ઊભી કરવા માટે અને એકત્ર કરવા માટે આ મુદ્દા ધ્યાનમાં રાખવા જેવા છે.:

- અમલકર્તા સંસ્થાઓ પાસેથી પ્રતિભાવ મેળવવા એમઆઈએસ વિકસાવવી.
- એન.એસ.ઓ. અને સી.એસ.ઓ. વગેરે દ્વારા થતા સર્વેમાં અને વસ્તી ગણતરીમાં માહિતીના એકત્રીકરણમાં નવા માપદંડો દાખલ કરવા.

ક્ષમતા વર્ધન માટે અને વિચાર વિમર્શ માટે આ મુદ્દા અગત્યના છેઃ

- શ્રેષ્ઠ ઉદાહરણો વિશે સંશોધન અને આપ-લે.
- માહિતીના પ્રચાર-પ્રસાર માટે પદ્ધતિઓ અને સાધનો વિકસાવવાં.
- નિષ્ણાતો અને હિતધારકો વચ્ચે વિચાર-વિનિમય.

અપાય એમ આયોજનને પાર પાડવા માટે થતા અંદાજપત્રીય ખર્ચમાં પણ તેમને પ્રાથમિકતા અપાય એ આવશ્યક છે. તો જ જાહેર સેવાઓની પ્રાપ્તિ આડે જે અવરોધો મહિલાઓને નડે છે તે દૂર થઈ શકે.

આ સંદર્ભમાં નીચેના મુદ્દાઓ અગત્યના છેઃ

૧. અંદાજપત્ર એ સરકારનો સંભવતઃ સૌથી મહત્ત્વનો નીતિવિષયક દસ્તાવેજ છે કારણ કે નાણાં વિના સરકાર કોઈ પણ નીતિનો અમલ કરી શકતી નથી.

૨. મહિલાઓ પ્રત્યે પ્રતિભાવાત્મક અંદાજપત્ર એ બાબતની કાળજી લે છે કે વિવિધ સામાજિક જૂથોની વ્યક્તિઓનાં હિતો સચવાય. ખાસ કરીને, તેમાં મહિલાઓ અને છોકરીઓનાં હિતોની સાચવણી માટે ખર્ચ થાય છે.

૩. અંદાજપત્રને મહિલાલક્ષિતાના દૃષ્ટિકોણથી જોવાનું એ રીતે પણ મહત્ત્વનું બને છે કે જાહેર નાણાંનું એકત્રીકરણ અને વિતરણ કેટલી અસમાન રીતે અને બિન-કાર્યક્ષમ રીતે થાય છે તે તપાસાય. વળી, તેનું વિશ્લેષણ એમ પણ બતાવે છે કે ભેદભાવ અને તફાવતો રાષ્ટ્રીય વિકાસને કેવી રીતે અસર કરે છે.

૪. નાગરિકો દ્વારા અંદાજપત્રનું વિશ્લેષણ કરવામાં આવે તો નાગરિકો નીતિનિર્ધારણમાં અસરકારક ભૂમિકા ભજવી શકે છે. તેઓ રાજકીય બાબતોમાં રસ લેતા થાય છે અને સરકાર પર અમુક બાબતો અંગે દબાણ લાવવામાં સફળ થાય છે.

૫. ઘણી વાર ભ્રષ્ટાચાર-વિરોધી વ્યૂહરચનાઓને માટે મહિલાલક્ષી અંદાજપત્ર પૂરક પણ બને છે.

### વિભાવના

'મહિલાલક્ષી અંદાજપત્ર' (જેન્ડર બજેટિંગ) શબ્દપ્રયોગ કરવામાં આવે છે ત્યારે તેમાં સરકારના વિવિધ પ્રયાસોનો સમાવેશ થાય છે કે જે જાહેર ખર્ચ અને નીતિ દ્વારા મહિલાઓની સમસ્યાઓ ઉકેલવા માટે પ્રયત્નશીલ હોય છે. આ સંદર્ભમાં બે વ્યાખ્યાઓ પ્રસ્તુત છેઃ

(૧) 'મહિલા સંવેદનશીલ બજેટ', 'મહિલાલક્ષી બજેટ' અને 'મહિલાઓનું બજેટ' વગેરે શબ્દપ્રયોગો એવી વિવિધ પ્રક્રિયાઓ અને સાધનો વિશે છે કે જે સરકારનાં અંદાજપત્રોની મહિલાઓ પરની અસરોનું મૂલ્યાંકન સુલભ કરી આપે છે. સરકારનાં અંદાજપત્રોની મહિલાઓ અને છોકરીઓ પરની અસરનું અન્વેષણ કરવા ઉપર તેમાં ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. આ અંદાજપત્ર એ મહિલાઓ કે પુરુષો માટેનું અલગ અંદાજપત્ર નથી. તે તો સરકારના મુખ્ય પ્રવાહના અંદાજપત્રથી મહિલાઓ અને પુરુષો પર થતી અસરને અલગ પાડે છે અને સમાજના સ્ત્રી-પુરુષ ભેદભાવલક્ષી સંબંધોને ધ્યાનમાં લે છે.

(૨) મહિલાલક્ષી અંદાજપત્રના પ્રયાસો સરકારો કેવી રીતે જાહેર નાણાં ઊભાં કરે છે અને ખર્ચે છે તેનું વિશ્લેષણ જાહેર સંસાધન ફાળવણી વિશેની નિર્ણય પ્રક્રિયામાં સ્ત્રી-પુરુષ સમાનતા અને સરકારી અંદાજપત્રની અસરની વહેંચણીમાં સમાનતા પ્રાપ્ત થાય છે કે નહિ તે સંદર્ભમાં કરવામાં આવે છે. તેમાં લાભ અને બોજો બંને તપાસાય છે. સરકારનાં અંદાજપત્રોની અસરો મહિલાઓનાં સૌથી વધુ વંચિત જૂથો પર કેવી થાય છે તેના પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે.

ઉપરોક્ત વ્યાખ્યાઓ એ હકીકત ઉપર ભાર મૂકે છે કે વિકાસની પ્રક્રિયામાં સ્ત્રી-પુરુષ સમાનતા સિદ્ધ કરવા માટેના સામાજિક-આર્થિક સાધન તરીકે મહિલાલક્ષી અંદાજપત્રને જોવામાં આવે છે, અને તે જાહેર ખર્ચ અને નીતિમાં મહિલાલક્ષિતા ઉપર ખૂબ ભાર મૂકે છે. મહિલાલક્ષી અંદાજપત્રમાં જે અગત્યની પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે તે નીચે મુજબ છેઃ

(૧) મહિલાઓ માટે નીતિઓમાં અપાયેલાં વચનો અને સંસાધનોની ફાળવણી વચ્ચેની ખાઈ તપાસવી.

(૨) મહિલાઓ પ્રત્યે સંવેદનશીલ હોય તેવા કાર્યક્રમો ઘડવા અને તેમનો અમલ કરવા શું કરાય છે તે જોવું.

(૩) જાહેર ખર્ચ અને નીતિના મુખ્ય પ્રવાહમાં મહિલાલક્ષિતા ઊભી કરવી.

(૪) જાહેર ખર્ચ, કાર્યક્રમોનો અમલ અને નીતિઓનું મહિલાલક્ષી અન્વેષણ. તેમાં રાજકોષીય અને નાણાકીય બંને બાબતોનો સમાવેશ થાય.

## 'સ્વિસ ડેવલપમેન્ટ કોર્પોરેશન' દ્વારા મહિલાલક્ષી અંદાજપત્ર માટેનું ચેકલિસ્ટ

૨૦૦૩ની સ્ત્રી-પુરુષ સમાનતાની નીતિ દ્વારા સ્ત્રી-પુરુષ સમાનતાને મુખ્ય પ્રવાહનો મુદ્દો બનાવવા માટેનો નિર્ણય 'સ્વિસ ડેવલપમેન્ટ કોર્પોરેશન' (એસડીસી) દ્વારા લેવામાં આવ્યો. આ અભિગમને અનુસરીને સ્ત્રી-પુરુષ અસમાનતા આ રીતે દૂર કરી શકાયઃ

(અ) તમામ પરિયોજનાઓ અને કાર્યક્રમોમાં એકસમાન મુદ્દા તરીકે તેનો સમાવેશ કરવો.

(આ) સ્ત્રી-પુરુષ સમાનતાને પ્રોત્સાહન આપે તેવા નિશ્ચિત કાર્યક્રમો અને પરિયોજનાઓ વિશે કામ કરવું.

(ઈ) સ્ત્રી-પુરુષ સમાનતાને સંસ્થાગત સ્વરૂપ આપવું.

વળી, 'કન્વેન્શન ઓન એલિમિનેશન ઓફ ઓલ ફોર્મ્સ ઓફ ડિસ્ક્રિમિનેશન અગેન્સ્ટ વિમેન' (સીઈડીએડબલ્યુ) સહીકર્તા દેશો પર એવી ફરજ લાદે છે કે મહિલાઓ સામેના ભેદભાવને તેઓ સક્રિય રીતે દૂર કરે અને મહિલાઓનો એ રીતે વિકાસ કરે કે જેથી પુરુષોના માનવ અધિકારોની જેમ જ તેમના માનવ અધિકારોનું રક્ષણ થાય, રાબેતા મુજબની ભૂમિકાઓની ફાળવણી દૂર થાય તથા રાજકારણ, શિક્ષણ, કામ, સામાજિક સલામતી અને પરિવારમાં સ્ત્રીઓની સમાનતાની બાંયધરી મળે અને તે વધે.

નવી પરિયોજનાઓ કે ચાલુ પરિયોજનાઓના નવા તબક્કાઓ વિશે નીચે મુજબની માહિતી એકત્ર કરવા માટે આ મુજબનાં સાધનો વિકસાવાયાં છે.

અ. પરિયોજનાના ક્રમાંક, ભૌગોલિક વિસ્તાર, ક્ષેત્ર, લક્ષ્યાંક જૂથ અને સૂચિત ધિરાણ.

આ. એસડીસીની નીતિ અનુસારના પાલનનું પરિયોજનાનું સ્તર.

ઈ. સ્ત્રીઓ અને પુરુષો વચ્ચેની સમાનતાને પ્રોત્સાહન આપવાના પ્રયાસમાં પરિયોજના દ્વારા હાથ ધરાતા મહત્ત્વના મુદ્દા.

જે દસ્તાવેજોની તપાસ કરવામાં આવે છે તે ઓપરેશન્સ કમિટીને સુપરત કરવામાં આવે છે.

જે માહિતી ભેગી કરવામાં આવે છે તે અને સાધનો દ્વારા આ મુજબ કાર્યવાહી થાય છેઃ

૧. એસડીસીના કાર્યક્રમ સંચાલકો અને કાર્યક્રમ અધિકારીઓ ઓપરેશન્સ કમિટીને ધિરાણની દરખાસ્તો સોંપાય તે પહેલાં તેમાં એસડીસીની નીતિનું પાલન થાય છે કે કેમ તે તપાસે છે. આમ, આ સાધન આયોજનના સાધન તરીકે કામ કરે છે.

૨. એસડીસીનું જેન્ડર યુનિટ એસડીસીના સ્ટાફને સ્ત્રી-પુરુષ સમાનતાને પ્રોત્સાહન આપનારી પરિયોજનાઓ અને કાર્યક્રમો વિશેની માળખાગત માહિતી પ્રાપ્ય બનાવે છે.

૩. એસડીસીની નીતિના અમલ ઉપર તેનો મૂલ્યાંકન અને નિયંત્રણ વિભાગ કામ કરે છે.

**પરિયોજનાની ઓળખ**

| | | | |
|---|---|---|---|
| પરિયોજના નં. | | તબક્કા નં. | |
| શીર્ષક | | | |
| આરંભ તારીખ | | અંત તારીખ | |
| વિભાગ | | સંગઠનાત્મક એકમ | |
| જવાબદાર વ્યક્તિ | | એસડીસીના સહભાગી | |
| ભૌગોલિક વિસ્તાર | | ક્ષેત્ર | |

| | | | | |
|---|---|---|---|---|
| લક્ષ્યાંક જૂથ (નિશાની કરો) | માત્ર છોકરીઓ અને/અથવા સ્ત્રીઓ | ☐ | માત્ર છોકરાઓ અને/અથવા પુરુષો | ☐ |
| | મોટે ભાગે છોકરીઓ અને/અથવા સ્ત્રીઓ | ☐ | મોટે ભાગે છોકરાઓ અને/અથવા પુરુષો | ☐ |
| | છોકરીઓ/સ્ત્રીઓ અને છોકરાઓ/પુરુષો સમાન રીતે | ☐ | નિર્ધારિત નથી | ☐ |

| | | | |
|---|---|---|---|
| સૂચિત ધિરાણ | | વાસ્તવિક | |
| સહસ્રાબ્દી વિકાસ લક્ષ્યાંકો | | નીતિ વિષયક | |

**સ્ત્રી–પુરુષ સમાનતાની નીતિને મુખ્ય પ્રવાહમાં લાવવા માટેનું ચેકલિસ્ટ**

આંકઃ ૩ઃ સંપૂર્ણ, વિગતવાર ૨. મહત્ત્વનું ૧. ઉપરછલ્લી રીતે ૦ઃ બિલકુલ નહિ

| પ્રશ્ન | | ટેકારૂપ પુરાવા | હા | ના | આંક (૩-૦) |
|---|---|---|---|---|---|
| ૧ | શું પરિયોજનાનું લક્ષ્ય સ્ત્રી-પુરુષ સમાનતાને પ્રોત્સાહન આપવાનું અને/અથવા સ્ત્રીઓ પ્રત્યેના ભેદભાવને દૂર કરવાનું છે? | (અ) સારાંશમાં સ્ત્રીઓ અને પુરુષો વચ્ચેની સમાનતાને પ્રોત્સાહન આપવાનો ઉલ્લેખ થયો છે?<br>(આ) તર્કમાં સ્ત્રીઓ અને પુરુષો વચ્ચેની સમાનતાને પ્રોત્સાહન આપવાનો ઉલ્લેખ થયો છે?<br>(ઈ) સારાંશમાં સ્ત્રીઓ પ્રત્યેના ભેદભાવને દૂર કરવાનો ઉલ્લેખ થયો છે? | | | |
| ૨ | શું સ્ત્રી-પુરુષ ભેદભાવનું કે પરિસ્થિતિનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે? | (અ) પરિયોજના સાથે સંબંધિત ક્ષેત્રો, નીતિઓ અને કાયદાઓમાં ભેદભાવના મુદ્દા આવરી લેવાયા છે?<br>(આ) પરિયોજનામાં એકત્ર કરાયેલી, ભેગી કરાયેલી, વિશ્લેષણ કરાયેલી અને મુકાયેલી માહિતી સ્ત્રીઓ અને પુરુષો માટે અલગ અલગ છે? | | | |

| પ્રશ્ન | | ટેકારૂપ પુરાવા | હા | ના | આંક (૩-૦) |
|---|---|---|---|---|---|
| | | (ઈ) સ્ત્રીઓની વ્યવહારુ અને વ્યૂહાત્મક જરૂરિયાતો અને તેમનાં સત્તા, સમય અને નાણાકીય સંસાધનોની પ્રાપ્તિ અને અંકુશનું વિશ્લેષણ કરાયું છે ખરું?<br>(ઉ) પુરુષોની વ્યવહારુ અને વ્યૂહાત્મક જરૂરિયાતો અને તેમનાં સત્તા, સમય અને નાણાકીય સંસાધનોની પ્રાપ્તિ અને અંકુશનું વિશ્લેષણ કરાયું છે ખરું?<br>(ઊ) શ્રમનું સ્ત્રી-પુરુષ વિભાજન અને તેમાં થતા ફેરફારોનું વિશ્લેષણ કરાયું છે ખરું?<br>(પ્રજનનલક્ષી, ઉત્પાદક, સમુદાય-સંચાલન અને રાજકીય ભૂમિકા સવેતન અને અવેતન શ્રમ)<br>(એ) સ્ત્રી-પુરુષ ભેદભાવના વિશ્લેષણમાં અપાયેલી માહિતી પરિયોજનાના માળખામાં સ્પષ્ટ રીતે મુકાઈ છે? | | | |
| ૩ | સ્ત્રી-પુરુષ સમાનતાનો ઉલ્લેખ નિશ્ચિત રીતે થતો હોય તેવા પરિણામ નિર્દેશકો વિકસાવાયા છે? અથવા જો એવા નિર્દેશકો ન હોય તો અપેક્ષિત પરિણામો નિશ્ચિત નિશ્ચિત રીતે સ્ત્રી-પુરુષ સમાનતાનો ઉલ્લેખ કરે છે? | (અ) એકત્ર કરાયેલી અને વિશ્લેષણ કરાયેલી માહિતી સ્ત્રી-પુરુષો માટે અલગ અલગ છે?<br>(આ) અપેક્ષિત પરિણામો અને/અથવા અપેક્ષિત નિર્દેશકોમાં સ્ત્રી-પુરુષની વ્યવહારુ અને/અથવા વ્યૂહાત્મક જરૂરિયાતો કેટલા પ્રમાણમાં આવરી લેવાઈ છે?<br>(ઈ) એવા જથ્થાત્મક કે ગુણાત્મક પરિણામ નિર્દેશકો છે કે જેનાથી પરિયોજના સ્તરે પરામર્શ અને નિર્ણય પ્રક્રિયામાં સ્ત્રીઓ અને પુરુષોની સહભાગિતા ઉપર દેખરેખ રાખી શકાય?<br>(ઉ) શું અપેક્ષિત પરિણામો સ્ત્રીઓ અને પુરુષો વચ્ચે શ્રમ-વિભાજનનો ઉલ્લેખ કરે છે અને/અથવા પરિણામ નિર્દેશકો એ પરિવર્તનો ઉપરની દેખરેખમાં ઉપયોગી છો? (પ્રજનનલક્ષી, ઉત્પાદક, સમુદાય-સંચાલન અને રાજકીય ભૂમિકા, સવેતન અને અવેતન શ્રમ)<br>(ઊ) પરિયોજનાનાં પરિણામોની પ્રાપ્તિ અને/અથવા અંકુશ ઉપરના સ્ત્રીઓ અને પુરુષોના પ્રમાણ ઉપરની દેખરેખ કરી શકાય તેવા પરિણામ નિર્દેશકો છે અને/અથવા અપેક્ષિત પરિણામોમાં તેમનો ઉલ્લેખ છે? | | | |
| ૪ | સ્ત્રી-પુરુષ સમાનતાનો નિશ્ચિત રીતે ઉલ્લેખ કરે તેવા પરિણામ નિર્દેશકો અને/અથવા ચાવીરૂપ પ્રશ્નો વિકસાવાયા છે ખરા? | (અ) સામાજિક ધોરણો, વલણો અને વ્યવહારો-કે જે સ્ત્રીઓ અને પુરુષોને અસર કરે છે-માં આવતા ફેરફારો ઉપર દેખરેખ રાખી શકાય તેવા પરિણામ નિર્દેશકો અને/અથવા ચાવીરૂપ પ્રશ્નો છે?<br>(આ) પરિણામો ઉપર સ્ત્રી-પુરુષ ભેદભાવલક્ષી દેખરેખ રાખી શકાય તે માટેની જવાબદારીઓ અને સંસાધનોની ફાળવણી સ્પષ્ટ રીતે થઈ છે?<br>(ઈ) સ્ત્રી-પુરુષ ભેદભાવલક્ષી મૂલ્યાંકન માટે જવાબદારીઓ અને સંસાધનોની ફાળવણી સ્પષ્ટ રીતે દર્શાવાઈ છે ખરી? | | | |

| પ્રશ્ન | | ટેકારૂપ પુરાવા | હા | ના | આંક (૩-૦) |
|---|---|---|---|---|---|
| ૫ | પરિયોજનામાં સ્ત્રી-પુરુષ સમાનતાને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે જરૂરી નિષ્ણાત જ્ઞાન આયોજન અને અમલ કરનારી સંસ્થાઓ પાસે છે ખરું? | (અ) સ્ત્રી-પુરુષ ભેદભાવ વિષયના તજજ્ઞો મેળવવા માટે બજેટમાં જોગવાઈ છે ખરી?<br>(આ) એસડીસીનું જેન્ડર એકમ, તેનું વડું મથક અને/અથવા એસડીસી કૂફ જેન્ડર ફોકલ પોઈન્ટ પરિયોજના સાથે સંબંધિત છે?<br>(ઈ) પરિયોજના સાથે સ્ત્રી-પુરુષ ભેદભાવના બાહ્ય તજજ્ઞો સંકળાયેલા છે?<br>(ઉ) સ્ત્રી-પુરુષ ભેદભાવલક્ષી નિષ્ણાતપણું ધરાવતાં સ્થાનિક સંગઠનો પરિયોજનામાં ભાગીદાર છે ખરાં?<br>(ઊ) સ્ત્રી-પુરુષ ભેદભાવલક્ષી નિષ્ણાતપણું ધરાવતાં રાષ્ટ્રીય સ્તરનાં બિન-સરકારી સંગઠનો પરિયોજના ભાગીદાર છે ખરાં?<br>(એ) સ્ત્રી-પુરુષ ભેદભાવલક્ષી નિષ્ણાતપણું ધરાવતી સરકાર સાથે સંલગ્ન સંસ્થાઓ પરિયોજનામાં ભાગીદાર છે ખરી? | | | |
| | | કુલ આંક (૧૫-૦) | | | |

## સ્ત્રી-પુરુષ સમાનતાના મુદ્દાઓનું ચેકલિસ્ટ

એ - કેન્દ્રીય પ્રતિબદ્ધતા   બી - મહત્ત્વની પ્રતિબદ્ધતા   સી - અપેક્ષિત આડ-અસર   ડી - બિલકુલ નહિ

| | નીચેની બાબતોમાં પરિયોજના સ્પષ્ટ રીતે સ્ત્રીઓ અને પુરુષો વચ્ચેની સમાનતાને પ્રોત્સાહન આપે છે | એ,બી, સી કે ડી |
|---|---|---|
| ૧ | સ્ત્રીઓ પુરુષોની વિવિધ જરૂરિયાતો સંતોષે તેવી શિક્ષણ, તાલીમ, આરોગ્ય, સામાજિક, કાનૂની, નાણાકીય વગેરે જેવી ગુણાત્મક સેવાઓની પ્રાપ્તિ<br>☐ શિક્ષણ (એ) ☐ તાલીમ (બી) ☐ આરોગ્ય (સી) ☐ સામાજિક (ડી)<br>☐ કાનૂની (ઈ) ☐ નાણાકીય (એફ) ☐ અન્ય (જી):.................................. | |
| ૨ | પરિવાર અને/અથવા સમુદાય સ્તરે નિર્ણય પ્રક્રિયાઓ<br>☐ પરિવાર (એ) ☐ સમુદાય (બી) | |
| ૩ | પ્રાદેશિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે શાસનઃ માનવ અધિકારો સહિત<br>☐ પ્રાદેશિક (જિલ્લો, પ્રદેશ) (એ) ☐ રાષ્ટ્રીય (બી) ☐ આંતરરાષ્ટ્રીય (સી) | |
| ૪ | સવેતન અને અવેતન શ્રમનો સમયલક્ષી બોજો<br>☐ સ્ત્રીઓ પરનો અવેતન શ્રમનો સમયલક્ષી બોજો ઘટયો (એ) ☐ સવેતન કામની સમાન રીતે વહેંચણી (બી) | |
| ૫ | જમીન, ઘર, ધિરાણ વગેરે જેવી અસ્કામતો અને આવક ઉપરની પહોંચ<br>☐ જમીન (એ) ☐ ઘર (બી) ☐ ધિરાણ (સી) ☐ આવક (ડી) | |
| ૬ | ભૌતિક અને/અથવા સામાજિક અને આર્થિક ગતિશીલતા<br>☐ ભૌતિક ગતિશીલતા (એ) ☐ સામાજિક અને આર્થિક ગતિશીલતા (બી) | |
| ૭ | હિંસામુક્ત જીવન<br>☐ ઘરેલૂ હિંસા (એ) ☐ માનવ વ્યાપાર (બી) ☐ વેઠ મજૂરી (સી)<br>☐ સશસ્ત્ર સંઘર્ષ (ડી) ☐ રાજ્યની હિંસા (દંડાત્મક કે સલામતી વ્યવસ્થા વગેરે) (ઈ) | |

## મહિલાલક્ષી અંદાજપત્ર શા માટે?

મહિલાલક્ષી અંદાજપત્રનો એક અર્થ એ પણ છે કે સરકારનું સામાન્ય અંદાજપત્ર મહિલાઓ પ્રત્યે સંવેદનશીલ હોય અને પ્રતિભાવાત્મક હોય. સ્ત્રી-પુરુષ સમાનતા સિદ્ધ કરવાની એક વ્યૂહરચનાના ભાગરૂપે મહિલાલક્ષી અંદાજપત્રના ઉપયોગને પ્રોત્સાહન અપાઈ રહ્યું છે. તેના વિવિધ હેતુઓ નીચે મુજબ છે: (૧) મહિલાઓ માટે થતી સંસાધનોની ફાળવણીમાં વધારો કરવો કે કરાવવો. (૨) સમગ્ર અર્થતંત્રના મુખ્ય પ્રવાહમાં મહિલાઓને લાવવી અને સ્ત્રી-પુરુષ ભેદભાવ પ્રત્યે ધ્યાન આપવું. (૩) આર્થિક નીતિઓના નિર્ધારણમાં નાગરિક સમાજની ભાગીદારીને મજબૂત કરવી. (૪) આર્થિક અને સામાજિક નીતિનાં પરિણામો વચ્ચેનો સંબંધ મજબૂત કરવો અને વધારવો. (૫) સહસ્રાબ્દી વિકાસ લક્ષ્યો સિદ્ધ કરવા.

## મહિલાલક્ષી અંદાજપત્રનાં સાધનો

અંદાજપત્રના મહિલાલક્ષી વિશ્લેષણના સંદર્ભમાં કેટલાંક સાધનો અગત્યનાં છે. આ સાધનોની અહીં ચર્ચા કરવામાં આવી છેઃ

### (૧) સંસાધનોની ફાળવણી અને ખર્ચનું વિશ્લેષણ

મહિલાલક્ષી અંદાજપત્રને નાણાકીય સંસાધનોની ફાળવણી સાથે સંબંધ છે. તેથી જાહેર ખર્ચમાંથી કેટલું ખર્ચ મહિલાઓના લાભાર્થે કરવામાં આવે છે તે અગત્યનું છે. આવા ખર્ચનાં વર્ષવાર વલણો તપાસવાં જરૂરી બને છે. તે સમગ્ર રાજ્ય કે કેન્દ્રના સ્તરે તપાસી શકાય. જો કે, તેમાં કેટલીક સમસ્યાઓ ઊભી થાય છેઃ (૧) સંસાધનની ફાળવણીમાં વધારો-ઘટાડો ભાવવધારા સાથે માપવો પડે. એટલે વાસ્તવિક ફાળવણી કરવામાં આવી છે કે કેમ તે તપાસવાનું અનિવાર્ય બને છે. (૨) જરૂરી સવલતો અને થયેલી ફાળવણી વચ્ચેની ખાઈ તપાસવી જરૂરી બને છે. આ સંદર્ભમાં પ્રાપ્ય સંસાધનોમાંથી કેટલી નાણાકીય ફાળવણી થઈ છે તે જોવું જોઈએ. (૩) નાણાકીય ફાળવણી વધે પણ ખરેખર ખર્ચ ના થાય એમ પણ બને. (૪) નાણાકીય ફાળવણી વધે પણ ભૌતિક લક્ષ્યાંક ઊંચો ના જાય અને ભૌતિક સિદ્ધિ પણ ના વધે એમ પણ બને. (૫) દરેક સ્તરની સરકારનું ખર્ચનું

### મહિલાઓ માટે નીતિવિષયક પ્રતિબદ્ધતા

**બંધારણીય જોગવાઈઓ**

ભારતના બંધારણમાં સ્ત્રી-પુરુષ સમાનતા માટે અનેક નીતિવિષયક જોગવાઈઓ કરવામાં આવી છે. તેમાંની કેટલીક મહત્ત્વની જોગવાઈઓ નીચે મુજબ છે:

- કલમ-૧૪: રાજકીય, આર્થિક અને સામાજિક ક્ષેત્રોમાં સમાન અધિકારો અને તકો.
- કલમ-૧૫: લિંગને આધારે ભેદભાવ ઉપર પ્રતિબંધ.
- કલમ-૧૫ (૩): સ્ત્રીઓની તરફેણમાં વિધાયક ભેદભાવ.
- કલમ ૩૯: સમાન કામ માટે સમાન વેતન અને જીવનનિર્વાહનાં સમાન સાધનો.
- કલમ-૪૨: કામની ન્યાયી અને માનવીય સ્થિતિ અને માતૃત્વ લાભ.
- કલમ-૫૧ (એ) (ઈ): મહિલાઓ માટે અપમાનજનક વ્યવહારો છોડવાની મૂળભૂત ફરજ.

**રાષ્ટ્રીય નીતિ**

૨૦૦૧માં રાષ્ટ્રીય મહિલા સશક્તિકરણ નીતિ ઘડવામાં આવી. તેમાં વ્યવહારુ વ્યૂહરચના તરીકે અંદાજપત્રની પ્રક્રિયામાં મહિલાલક્ષી દૃષ્ટિકોણ અપનાવવાનું ધ્યેય રખાયું. આ જોગવાઈના સંદર્ભમાં અનેક કાયદાઓ થયેલા છે. આ સંદર્ભમાં કેટલાક મહિલાલક્ષી કાયદા નીચે મુજબ છે:

- અનૈતિક વ્યવહાર (પ્રતિરોધ) ધારો-૧૯૫૬.
- માતૃત્વ લાભ ધારો-૧૯૬૧
- દહેજ પ્રતિબંધ ધારો - ૧૯૬૧
- મહિલાઓની અશોભનીય રજૂઆત (પ્રતિબંધ) ધારો - ૧૯૮૬
- સતી પ્રતિરોધ ધારો - ૧૯૮૭
- ઘરેલૂ હિંસાથી મહિલા રક્ષણ ધારો - ૨૦૦૬

**આર્થિક કાયદા**

- કારખાના ધારો - ૧૯૪૮
- લઘુતમ વેતન ધારો - ૧૯૪૮
- સમાન વળતર ધારો - ૧૯૭૬
- કામદાર રાજ્ય વીમા ધારો - ૧૯૪૮
- બગીચા કામદાર ધારો - ૧૯૫૧
- વેઠ મજૂરી પ્રથા પ્રતિબંધ ધારો - ૧૯૭૬.

**રક્ષણ માટેના કાયદા**

- ફોજદારી કાર્યવાહી ધારો - ૧૯૭૩ની જોગવાઈ.
- ભારતીય દંડ સંહિતા હેઠળની વિશેષ જોગવાઈઓ.
- બાળજન્મ પૂર્વેની નિદાન પદ્ધતિ (નિયમન અને દુરુપયોગ પ્રતિરોધ) ધારો - ૧૯૯૪

**સામાજિક કાયદા**

- કૌટુંબિક અદાલત ધારો - ૧૯૮૪
- ભારતીય વારસા ધારો - ૧૯૨૫
- સગર્ભાવસ્થા તબીબી અંત ધારો - ૧૯૭૧
- બાળ લગ્ન નિયંત્રણ ધારો - ૧૯૨૯
- હિંદુ લગ્ન ધારો - ૧૯૫૫
- હિંદુ વારસા ધારો - ૧૯૫૬ અને ૨૦૦૫નો સુધારો
- ભારતીય છૂટાછેડા ધારો - ૧૯૬૯

## મહિલાઓ માટે આયોજન

યોજનાઓના દસ્તાવેજોમાં મહિલાલક્ષી બાબતો અંગેનાં વલણો જોવા મળે છે. મહિલા અંગભૂત યોજના (ડબ્લ્યુસીપી) સાથે મહિલાઓ માટે નાણાંની ઔપચારિક ફાળવણીની શરૂઆત થઈ. જો કે, સંસાધનોની ફાળવણી વિશેની સંવેદનશીલતા સાતમી પંચવર્ષીય યોજનાથી જોવા મળે છે.

- સાતમી પંચવર્ષીય યોજનામાં મહિલાઓ માટેની ૨૭ યોજનાઓ ઉપર દેખરેખ રાખવાનો ખ્યાલ આવ્યો. આ પ્રયાસ ચાલુ છે અને તેમાં આવરી લેવાતી યોજનાઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે.
- ૧૯૯૨-૯૭ની આઠમી પંચવર્ષીય યોજનામાં પહેલી જ વાર મહિલાલક્ષી દૃષ્ટિકોણ પ્રકાશમાં આવ્યો અને મહિલાઓ વંચિત ન રહેવી જોઈએ અને મહિલાઓ માટેના વિશેષ કાર્યક્રમો સામાન્ય વિકાસલક્ષી કાર્યક્રમોને પૂરક બનવા જોઈએ.
- ૧૯૯૭-૨૦૦૨ની નવમી પંચવર્ષીય યોજનામાં મહિલા અંગભૂત યોજના મહત્ત્વની વ્યૂહરચના તરીકે અપનાવવામાં આવી અને કેન્દ્ર અને રાજ્ય સરકારોએ ૩૦ ટકાથી ઓછાં નહિ તેટલાં નાણાં મહિલા સંબંધી ક્ષેત્રો માટે ફાળવવાં એમ તેમાં જણાવવામાં આવ્યું. તેના ઉપર વિશેષ તકેદારી રાખવાનું પણ નક્કી કરાયું.
- ૧૦મી પંચવર્ષીય યોજના (૨૦૦૨-૦૭)માં મહિલાલક્ષી અંદાજપત્ર માટેની પ્રતિબદ્ધતા દોહરાવવામાં આવી. સરકારના અદાજપત્રની મહિલાઓ પર શી અસર પડે છે. તે જોવા ઉપર અને તેની મહિલાલક્ષી પ્રતિબદ્ધતાઓ ઉપર તેમાં વિશેષ ભાર મૂકવામાં આવ્યો.

વિશ્લેષણ અલગ અલગ સામાજિક-આર્થિક સંદર્ભ સાથે થવું જોઈએ.

### (૨) વિવિધ ક્ષેત્રોનું મહિલાલક્ષી અન્વેષણ

મહિલાલક્ષી અંદાજપત્રના સંદર્ભમાં એ અગત્યનું છે કે સરકાર જે કંઈ પ્રવૃત્તિઓ કરે છે એ પ્રવૃત્તિઓમાં મહિલાઓના લાભ, કલ્યાણ અને સશક્તિકરણ માટે શી ભૌતિક અને નાણાકીય જોગવાઈઓ કરે છે. ખાસ કરીને શિક્ષણ, આરોગ્ય અને રોજગારી ક્ષેત્રે આ પ્રકારની જોગવાઈઓ અંદાજપત્રમાં થાય તે જરૂરી છે. જો કે, સરકારની એકેએક પ્રવૃત્તિનું અને તેને માટે થતા ખર્ચનું અન્વેષણ મહિલાઓના સશક્તિકરણના દૃષ્ટિકોણથી થવું જરૂરી છે. માત્ર વિવિધ ક્ષેત્રો માટે થતા ખર્ચથી મહિલાઓનું સંપૂર્ણ સશક્તિકરણ થાય છે એવું નથી પણ આ ક્ષેત્રો પાછળ થતું ખર્ચ તેમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. પાણી, પરિવહન, વીજળી, રસ્તા વગેરે જેવી ભૌતિક માળખાગત સવલતો પણ મહિલાઓના સશક્તિકરણમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. વળી, સંસાધનોની પ્રાપ્યતા, ફાળવણી, ખર્ચ વગેરે જેટલાં મહત્ત્વનાં છે તેટલું જ મહત્ત્વનું સેવાઓની વિશ્વસનીયતા પણ છે.

## મહિલાલક્ષી અંદાજપત્રઃ વિવિધ સ્તરના પ્રયાસો

**સમગ્ર અર્થતંત્ર સ્તરના પ્રયાસો**

- જાહેર ખર્ચનું મહિલાલક્ષી ચિત્ર. સંસાધનોની ફાળવણીમાં જે ખાઈ રહેતી હોય તે ઓળખવી.
- રાજ્યના સમગ્ર અંદાજપત્ર કે મંત્રાલયના અંદાજપત્ર કે નિશ્ચિત ક્ષેત્રોનાં અંદાજપત્રો માટે આ ખાઈ ઓળખવી.
- આ ખાઈ ઓળખી કઢાય તો મહિલાઓના સશક્તિકરણ માટે સંસાધનોની ફાળવણીમાં પ્રાથમિકતા ઊભી કરવા વિચારી શકાય.
- નાણાંના પ્રવાહ ઉપર દેખરેખ, અમલમાં મહિલાલક્ષિતા અને પરિણામોમાં સિદ્ધિ.

**સૂક્ષ્મ સ્તરીય પ્રયાસો**

- ગામો અને નગરોમાં પ્રાપ્ય સંસાધનોનો નકશો તૈયાર કરવો. આરોગ્ય, શિક્ષણ, પાણી, સફાઈ, બળતણ, રોજગારી જેવી આવશ્યક સેવાઓની પ્રાપ્યતા વિચારવી અને તે માટે નાણાંની ફાળવણી કરવી.
- સંસાધનોની ફાળવણી વિસ્તારલક્ષી રીતે વિચારવી અને સૌને આવરી લેવાય તે રીતે શાસનની વ્યવસ્થા ગોઠવવી.
- માળખાગત સવલતોની ખામીઓ અને પ્રાદેશિક અસંતુલન નિવારવા માટે સંસાધનોની ફાળવણી કરવી.

**મહિલાઓ માટે પ્રતિભાવાત્મક વહીવટી તંત્ર**

- યોજનાઓ અને કાર્યક્રમો ઘડતી વખતે મહિલાલક્ષી બાબતોને ધ્યાનમાં લેવી, ક્ષેત્રીય સ્તરે લાભાર્થીઓની જરૂરિયાતનું મૂલ્યાંકન.
- મહિલાઓની સહભાગિતા ઊભી કરવા કાર્યક્રમોનું પુનર્ઘડતર.
- જાહેર ખર્ચમાં મહિલાલક્ષિતા ઊભી કરવા આડેના અવરોધો દૂર કરવા વિધાયક પગલાં ભરવાં.
- અમલ ઉપર સતત દેખરેખ રાખવી અને અસરનું સતત મૂલ્યાંકન કરવું અને યોગ્ય સુધારાત્મક પગલાં ભરવાં.

### (૩) અર્થતંત્રના મહિલાલક્ષી નિર્દેશકો

સાક્ષરતા દર, માતૃત્વ મૃત્યુ દર, બાળ મૃત્યુ દર, આરોગ્ય સેવાઓની મહિલાઓને પ્રાપ્તિ, રોજગારીમાં મહિલાઓનું સ્થાન, મહિલાઓને રોજગારીમાં વેતન સમાનતા, સરેરાશ આયુષ્ય વગેરે જેવા નિર્દેશકો સમગ્ર અર્થતંત્રને અને સમાજને લગતા છે. મહિલાલક્ષી અંદાજપત્રમાં આ નિર્દેશકોમાં સુધારો કરવાના ઉદ્દેશથી યોગ્ય ખર્ચ ફાળવણી થયાં છે કે કેમ તે અગત્યનું છે. માનવ વિકાસ અને ચિરંતન વિકાસ માટે આ ફાળવણી અગત્યની છે. મહિલાઓના સશક્તિકરણના સંદર્ભમાં આ નિર્દેશકોમાં સુધારો થાય તે અનિવાર્ય હોવાને લીધે તેનું પ્રતિબિંબ અંદાજપત્રમાં પડવું જોઈએ. માત્ર આવરણ અહીં મહત્ત્વનું નથી, પણ વિવિધ સેવાઓની પ્રાપ્તિ, પહોંચ, ગુણવત્તા અને વિશ્વસનીયતા

## મહિલાલક્ષી બજેટનો વિભાગ ધરાવતાં મંત્રાલયો અને ખાતાં

| | | |
|---|---|---|
| ૧. સાગર વિકાસ | ૧૫. શહેરી વિકાસ | ૨૯. અન્ન અને જાહેર વિતરણ |
| ૨. વિદેશી ભારતીય બાબતો | ૧૬. શહેરી રોજગારી અને ગરીબી નિવારણ | ૩૦. આરોગ્ય અને પરિવાર કલ્યાણ |
| ૩. પેટ્રોલિયમ અને કુદરતી વાયુ | ૧૭. જળ સંસાધનો | ૩૧. ભારે ઉદ્યોગો |
| ૪. ટપાલ | ૧૮. યુવા બાબતો અને રમતગમત | ૩૨. ગૃહ બાબતો |
| ૫. વિદ્યુત | ૧૯. પ્રવાસન | ૩૩. માહિતી અને પ્રસારણ |
| ૬. જાહેર સાહસો | ૨૦. પંચાયતી રાજ સંસ્થાઓ | ૩૪. માહિતી તકનિકી |
| ૭. ગ્રામ વિકાસ | ૨૧. કૃષિ અને સહકાર | ૩૫. ઔદ્યોગિક નીતિ અને પ્રોત્સાહન |
| ૮. વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન | ૨૨. જૈવ તકનિકી | ૩૬. શ્રમ અને રોજગાર |
| ૯. જહાજ | ૨૩. રસાયણો અને પેટ્રો રસાયણો | ૩૭. કાયદો અને ન્યાય |
| ૧૦. લઘુ ઉદ્યોગો | ૨૪. વાણિજ્ય | ૩૮. બિન-પરંપરાગત ઊર્જા |
| ૧૧. સામાજિક ન્યાય અને અધિકારિતા | ૨૫. ગ્રાહક બાબતો | ૩૯. ઈશાન પ્રદેશ |
| ૧૨. આંકડા અને કાર્યક્રમ અમલ | ૨૬. સંસ્કૃતિ | ૪૦. કોલસા |
| ૧૩. દૂરસંચાર | ૨૭. પ્રાથમિક શિક્ષણ અને સાક્ષરતા | ૪૧. નાગરિક ઉડ્ડયન |
| ૧૪. આદિવાસી બાબતો | ૨૮. ખાતર | *સ્રોતઃ યોજના, ૨૦૦૬* |

અગત્યનાં બને છે. સરકાર દ્વારા પૂરી પાડવામાં આવતી અનેક પ્રકારની સામાજિક સેવાઓ ભૌતિક માળખાગત સવલતો ઉપર આધારિત છે. તેથી તેમાં પણ વધારો થવો જોઈએ અને તે માટે અંદાજપત્રમાં ફાળવણી થવી જોઈએ.

### મહિલાલક્ષી અંદાજપત્રમાં મહિલાઓની સહભાગિતા

મહિલાલક્ષી અંદાજપત્ર ઘડાય તેમાં મહિલાઓની સહભાગિતા ખૂબ જ જરૂરી બાબત છે. આયોજન અને અમલ બંનેમાં તેમની સહભાગિતા આવશ્યક બની જાય છે. ૭૩મા અને ૭૪મા બંધારણ સુધારાથી મહિલાઓ માટે સભ્યપદ અને હોદ્દાઓ બંનેમાં અનામત ઊભી થવાથી આ સહભાગિતા વધવાની તકો ઊભી થઈ છે. પંચાયતો અને પાલિકાઓમાં સ્થાનિક સ્તરે આયોજન થાય તે માટેની શક્યતાઓ વધી છે ત્યારે મહિલાઓની ભાગીદારીને અસરકારક બનાવી શકાય તેમ છે. આ બાબતમાં જે મોટા અવરોધો નડે છે તે નીચે મુજબ છેઃ

૧. સૌથી મોટો અવરોધ તો જે સંસાધનો પ્રાપ્ય છે તે જ અપૂરતાં છે, મર્યાદિત છે તેનો છે. રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર જે કંઈ ખર્ચ કરે છે તે તેમના કુલ ખર્ચના ખૂબ જ ઓછા પ્રમાણમાં હોય છે કે જેને મહિલાઓ માટે થતું ખર્ચ કહી શકાય. આ મર્યાદામાં રહીને જ ચૂંટાયેલાં મહિલા પ્રતિનિધિઓએ આયોજન કરવાનું હોય છે અને ખર્ચ કરવાનું હોય છે.

૨. ખાસ કરીને પંચાયતો અને પાલિકાઓને રાજ્ય સરકાર તરફથી જે અનુદાન મળે છે તે શરતી ભંડોળ તરીકે મળતું હોય છે. એટલે કે રાજ્ય સરકારની વિવિધ યોજનાઓનો અમલ કરવા માટે એ ભંડોળ ઉપલબ્ધ થાય છે. તેને પરિણામે તે ભંડોળ વાપરવા માટેની સ્વતંત્રતા હોતી નથી. આથી સહભાગિતા મર્યાદિત બની જાય છે. ખાસ કરીને, જિલ્લા પંચાયતોનાં અંદાજપત્રોમાં આવા શરતી ભંડોળની રકમ ૯૦ ટકાથી વધારે હોવાનો ગુજરાતનો અનુભવ રહ્યો છે. ગ્રામ પંચાયત અને તાલુકા પંચાયત કક્ષાએ આવું શરતી ભંડોળ ૫૦ ટકાથી વધારે તો હોય છે જ. આવા સંજોગોમાં વિવિધ કાર્યોનાં આયોજન અને અમલની બાબતમાં કોઈ નોંધપાત્ર સ્વતંત્રતા કે સ્વાયત્તતા પ્રાપ્ત થતી નથી.

૩. ચૂંટાયેલાં મહિલા પ્રતિનિધિઓ અંદાજપત્ર ઘડવામાં અને આયોજન કરવામાં સક્રિય રીતે ભાગ લઈ શકતાં નથી. નિરક્ષરતા અથવા ઓછું ભણતર, અંદાજપત્ર ઘડવાની તકનિકી બાબતોની આંટીઘૂંટી, સ્થાનિક સંસાધનોની મર્યાદા, ક્ષમતા વર્ધનનો અભાવ, પ્રાથમિકતાઓ નક્કી કરવા આડેના સામાજિક અવરોધો અને દબાણો વગેરે બાબતો પણ મહિલા સભ્યો અને હોદ્દેદારોની અસરકારકતા પંચાયતો અને પાલિકાઓમાં ઘટાડી નાખે છે. પંચાયતો અને પાલિકાઓની વહીવટી કાર્યવાહીની જાણકારીનો અભાવ પણ ચૂંટાયેલાં મહિલા પ્રતિનિધિઓમાં એક પ્રકારે અક્ષમતા ઊભી કરે છે.

૪. મહિલાઓની સક્ષમતા વધારવા અને તેમના સશક્તિકરણ માટેની સરકારની વિવિધ યોજનાઓ, કાર્યક્રમો અને પરિયોજનાઓની જાણકારીનો અભાવ પણ મોટો અવરોધ ઊભો કરે છે. આ યોજનાઓના અમલની બાબતમાં કેન્દ્રીકરણની સમસ્યા પણ મોટી છે. તેથી ચૂંટાયેલાં મહિલા પ્રતિનિધિઓએ સતત સરકારના ઉપલા સ્તર પર આધાર રાખવો પડતો હોય છે.

૫. અંદાજપત્રીય બાબતો, વાર્ષિક યોજનાઓ, પંચવર્ષીય યોજનાઓ,

જિલ્લા આયોજન મંડળ, રાજ્ય આયોજન પંચ વગેરે વિશેની જાણકારીનો અભાવ પણ મહિલા સભ્યો અને હોદ્દેદારોની સહભાગિતા આડે અવરોધ ઊભો કરે છે. ખાસ કરીને અંદાજપત્રના ઘડતર અને તેની તકનિકી બાબતોની જાણકારી પણ તેમને ન હોય એ પરિસ્થિતિ વધારે ચિંતાજનક ગણાવી જોઈએ.

## આંતરરાષ્ટ્રીય પ્રયાસો

૧૯૯૧માં હરારેમાં સ્ત્રી-પુરુષ સમાનતાને કોમનવેલ્થના એક મૂળભૂત સિદ્ધાંત તરીકે સ્વીકારવામાં આવી. ૧૯૯૫માં તેની એક કાર્યલક્ષી યોજનામાં તેનો પુનરુચ્ચાર કરવામાં આવ્યો અને તેમાં આર્થિક વિકાસ અને ગરીબીમાં ઘટાડા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી. મહિલાલક્ષી અંદાજપત્ર સરકારોને તેમની આ પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં મદદ કરે છે. વાસ્તવમાં, આંતરરાષ્ટ્રીય સ્તરના પ્રયાસોનું મૂળ 'કન્વેન્શન ઓન ધ એલિમિનેશન ઓફ ઓલ ફોર્મ્સ ઓફ ડિસ્ક્રિમિનેશન અગેન્સ્ટ વિમેન' (સિડોવ) છે. તેમાં કરવામાં આવેલી ભલામણોને આધારે મહિલાલક્ષી અંદાજપત્રની પ્રક્રિયા શરૂ થઈ. ૧૯૯૫ની બૈજિંગની વિશ્વ મહિલા પરિષદની ભલામણોએ તેને વેગ આપ્યો.

**યુરોપઃ** યુરોપમાં યુકે, સ્વિડન, ફ્રાન્સ, સ્પેન, ઈટાલી, બેલ્જિયમ વગેરે જેવા દેશોમાં મહિલાલક્ષી અંદાજપત્રની પ્રક્રિયાએ વેગ પકડ્યો છે. તેમાં વિવિધ પ્રયાસો થયા છે અને વિવિધ અભિગમો અપનાવવામાં આવ્યા છે, અને તેનાં વિવિધ પરિણામો આવ્યાં છે. મહિલાલક્ષી અંદાજપત્રમાં સુશાસન એ અગત્યનો મુદ્દો છે અને તેમાં ચાર બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છેઃ (૧) સમાનતા (૨) ઉત્તરદાયિત્વ (૩) કાર્યક્ષમતા (૪) પારદર્શિતા. યુરોપમાં મહિલાલક્ષી અંદાજપત્ર અંગેના મોટા ભાગના પ્રયાસો વિદ્વદ્જનો અને સરકારો દ્વારા કરાયા છે. નાગરિક સમાજ અને મહિલા સંગઠનોએ તેમાં રસ લીધો હોય એવા કિસ્સા જૂજ છે.

**દક્ષિણ આફ્રિકાઃ** દક્ષિણ આફ્રિકામાં મહિલાલક્ષી અંદાજપત્ર માટે આ અભિગમ અપનાવાયો છેઃ (૧) સ્ત્રીઓ, પુરુષો, છોકરીઓ અને છોકરાઓની સ્થિતિનું વિશ્લેષણ. (૨) નીતિઓ કેવી રીતે સ્ત્રી-પુરુષ સમાનતા માટે કામ કરે છે તે જોવું. (૩) અંદાજપત્રની ફાળવણીનું મૂલ્યાંકન. (૪) ખર્ચ અને સેવાના પુરવઠા ઉપર દેખરેખ. (૫) પરિણામોનું મૂલ્યાંકન. દક્ષિણ આફ્રિકામાં બે પ્રયાસો અલગ અલગ રીતે થાય છે. એક પ્રયાસ બિન-સરકારી સંગઠનો અને સાંસદો કરે છે, તો બીજો પ્રયાસ સરકાર અને તેનું નાણાં મંત્રાલય કરે છે. પ્રથમ પ્રયાસ વધારે મજબૂત છે. એ ૧૯૯૫માં 'વીમેન્સ બજેટ ઈનિશયેટિવ' નામથી શરૂ થયો હતો.

**ઓસ્ટ્રેલિયાઃ** ઓસ્ટ્રેલિયામાં જે અભિગમ અપનાવવામાં આવ્યો છે તેમાં આ મુદ્દાઓનો સમાવેશ થાય છેઃ (૧) મહિલાલક્ષી ખર્ચ. (૨) સરકારી નોકરો માટે સમાન તકનું ખર્ચ. (૩) સામાન્ય ખર્ચની સ્ત્રી-પુરુષ ભેદભાવની સ્થિતિ પર પડતી અસર. પ્રથમ મુદ્દામાં સ્ત્રીઓ અને છોકરીઓ માટેના કાર્યક્રમોમાં થતી ફાળવણી તપાસાય છે. આદિવાસી સ્ત્રીઓના આરોગ્યની સુધારણા માટેના પ્રયાસો અને બિન-પરંપરાગત વ્યવસાયની તાલીમમાં વધારો તપાસાય છે.

બીજા મુદ્દામાં રોજગારીની સમાન તકોને તપાસવામાં આવે છે. સંચાલન અને નિર્ણય પ્રક્રિયામાં મહિલાઓનું સમાન પ્રતિનિધિત્વ છે કે નહિ તે તપાસાય છે. સમાન પગાર અને કામની સમાન શરતો પણ એક અગત્યનો મુદ્દો છે.

ત્રીજા મુદ્દામાં ઉપરોક્ત બેમાં તેમનો સમાવેશ ના થયો હોય તે તમામ ફાળવણીની તપાસનો સમાવેશ કરવામાં આવે છે. આ ખર્ચ સરકારના કુલ ખર્ચના ૯૯ ટકા જેટલું હોય છે તેથી તેનું વિશ્લેષણ સૌથી મહત્ત્વનું છે. જો કે, તેનું વિશ્લેષણ એક પડકાર છે.

### મહિલાલક્ષી અંદાજપત્ર માટેનાં પગલાં

૧. ખેતી કે આરોગ્ય વગેરે જેવા કોઈ નિશ્ચિત ક્ષેત્ર કે મંત્રાલય દ્વારા જેમને સેવા અપાય છે તે સ્ત્રીઓ અને પુરુષો, છોકરીઓ અને છોકરાઓની સ્થિતિનું વર્ણન.
૨. જે તે ક્ષેત્રમાં સરકારની નીતિઓ અને કાર્યક્રમોને તે સ્ત્રી-પુરુષ તફાવતો દૂર કરે છે કે કેમ તે સંદર્ભમાં તપાસવાં. પ્રથમ પગલાંમાં જણાવાયેલા દરેક જૂથને તે સેવા પૂરી પાડવી.
૩. મહિલાલક્ષી નીતિઓ અને કાર્યક્રમોના અસરકારક અમલ માટે પૂરતાં નાણાં બજેટમાં ફાળવવામાં આવે છે કે નહિ તે તપાસવું.
૪. ફાળવવામાં આવેલાં નાણાં વપરાયાં છે કે નહિ અને તેનાથી કોને લાભ થયો તે તપાસવું. દા.ત. આરોગ્ય સેવાઓ, દવાખાનાં, હોસ્પિટલો અને વિસ્તરણ સેવાઓ દ્વારા લોકો સુધી પહોંચી કે નહિ તે તપાસવું.
૫. પ્રથમ પગલા પર પાછા વળવું અને પરિસ્થિતિની ફરી સમીક્ષા કરવી.

**વિશ્લેષણથી પ્રભાવ તરફ**

પગલુંઃ ૧ઃ નાગરિક સમાજ અને સરકાર વચ્ચે સંવાદ.
પગલુંઃ ૨ઃ નક્કર વિશ્લેષણ.
પગલુંઃ ૩ઃ પરિણામોનો ઉપયોગ લોબિંગ માટે કરવો.
પગલુંઃ ૪ઃ અમલ ઉપર દેખરેખ.
પગલુંઃ ૫ઃ સરકાર અને નાગરિક સમાજ પ્રગતિની સમીક્ષા કરે.

*સ્રોતઃ 'એન ઈન્ટ્રોડક્શન ટુ જેન્ડર રિસ્પોન્સિવ બજેટિંગ', લેખકઃ બનિતા શર્મા - કન્સલ્ટન્ટ, યુએનએફપીએ.*

# મહિલાલક્ષી અંદાજપત્ર અને વિશ્લેષણ: ગુજરાતના અનુભવો

ગુજરાતમાં મહિલાલક્ષી અંદાજપત્ર અને વિશ્લેષણ ક્ષેત્રે જુદી જુદી સંસ્થાઓના વિવિધ અનુભવો રહ્યા છે. આ અનુભવો 'આનંદી' દ્વારા તાજેતરમાં અમદાવાદ ખાતે યોજાયેલી એક કાર્યશાળામાં વ્યક્ત કરવામાં આવ્યા હતા. આ કાર્યશાળાનો ટૂંકો અહેવાલ અત્રે પ્રસ્તુત છે. ખાસ કરીને શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે વિવિધ બિન-સરકારી સંગઠનોએ આ સંદર્ભમાં જે કામ કર્યું છે તેને અનુભવ તરીકે વ્યક્ત કરાયું છે.

### પ્રસ્તાવના

છેલ્લાં દસ વર્ષથી 'આનંદી' વિવિધ પ્રકારના હિતધારકો જેમકે ચૂંટાયેલાં મહિલા સભ્યો, મહિલા સંગઠનો, સ્વૈચ્છિક સંસ્થાઓ અને નેટવર્કો સાથે સક્રિય રીતે કામગીરી કરીને વિકાસની મુખ્ય ધારામાં જેન્ડર દૃષ્ટિકોણ લાવવાના પ્રયાસો કરી રહી છે. ગુજરાતના વિવિધ પ્રદેશોમાં જળ, જંગલ, જમીન જેવા મુદ્દાઓમાં પોતાના હકો મેળવવાની લડતમાં મહિલા સંગઠનોએ સક્રિય ભાગીદારી નોંધાવી છે. પાણી સમિતિ તેમ જ ન્યાય સમિતિ જેવાં માળખાં રચી મહિલાઓ તેમના જેન્ડર આધારિત હકો મેળવવા આગેવાની લે છે. આવા અનુભવોના આધારે છેલ્લાં ૨ વર્ષ દરમ્યાન વંચિત સમુદાયો તથા મહિલાઓની સામાજિક લિંગના દૃષ્ટિકોણ સાથે તેમની જરૂરિયાત અને પ્રાથમિકતા મુજબ સ્થાનિક વિસ્તારના આયોજનો તૈયાર કરવા પ્રયાસો કરીએ છીએ. તેમની ભૂમિકા વધે તથા જવાબદેહી માટે કાર્યપ્રણાલી રચી વિવિધ સંસ્થાગત માળખાં તૈયાર થાય તે માટેના પ્રયાસો કરી રહ્યા છીએ. દેશના અન્ય ભાગોમાં આ કાર્યનાં ઉદાહરણો અને પહેલના આધારે અમને એવી પદ્ધતિઓ તથા ક્ષમતા વર્ધન કરવાની જરૂરિયાત દેખાય છે કે જેના આધારે ચૂંટાયેલા પ્રતિનિધિઓ, મહિલાઓ, સંગઠનો, સંસ્થાઓ, સંસાધન કેન્દ્રો, સ્વૈચ્છિક સંસ્થાઓ, નેટવર્કોની સાથે રહીને જરૂરિયાતોને સમજે તથા વિશ્લેષણ કરે, અંદાજપત્ર તૈયાર કરે તથા તેની પ્રાથમિકતાઓ નક્કી કરે. તથા એ પ્રકારે નાણાંની ફાળવણી કરવામાં આગેવાની લઈ શકે કે જેથી ગરીબ મહિલાઓના વિશાળ સમુદાયને તે ફાયદારૂપ બની શકે.

આ પ્રયાસોના ભાગ રૂપે 'જેન્ડર અંદાજપત્ર અને વિશ્લેષણ: મહિલાભિમુખ ન્યાયી શાસનની દિશામાં' વિષય પર કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્થાનિક સ્વરાજ્યના મુદ્દા પર કામ કરતી સંસ્થાઓ, સામાજિક કાર્યકો અને કાર્યશીલોએ તેમાં ભાગ લીધો હતો અને આ વિષય પર તેમના અનુભવો વર્ણવ્યા હતા.

### ગુજરાતમાં થયેલા કેટલાક અનુભવો

**૧. માળખાકીય વ્યવસ્થા: મહિલા સંગઠન**

**અનુભવ: 'અવાજ' સંસ્થા, રાધનપુર**

'અવાજ' સંસ્થા રાધનપુર જિલ્લાનાં પછાત ગામોમાં મહિલાઓને લક્ષમાં રાખી વિકાસનાં કાર્યો કરે છે. મહિલા મંડળો તથા મહિલા સંગઠનો બનાવી લોકભાગીદારી વડે ગરીબ તથા વંચિત સમુદાયોની સરકારી આરોગ્ય સુવિધા સુધી પહોંચી વળે તેવા પ્રયાસો કરવામાં આવે છે. રાધનપુરની આસપાસનાં ગામડાઓમાં આરોગ્ય કેન્દ્રમાં સરકારી કર્મચારીઓ ખૂબ જ અનિયમિત હતા. તેમાં ખાસ કરીને આરોગ્ય કેન્દ્રમાં નર્સોની ગેરહાજરી હોવાને કારણે મહિલાઓને ખૂબ જ મુશ્કેલી વેઠવી પડતી હતી. તેથી 'અવાજ' સંસ્થાના માર્ગદર્શન હેઠળ ગામની મહિલાઓ સંગઠન બનાવી તેમના પ્રશ્નોની રજૂઆત સરકાર સાથે વાતચીત કરી શકે, ચર્ચા કરી શકે અને તેના પરિણામરૂપે મુશ્કેલીનો ઉકેલ પણ લાવી શકાય. મહિલા સંગઠન દ્વારા સતત રજૂઆતના કારણે હવે નર્સો ગામમાં જ રહે છે અને આરોગ્ય કેન્દ્રમાં નિયમિત સેવા પણ આપે છે.

**૨. માળખાકીય વ્યવસ્થા - જનસુનાવણી - અન્ન સુરક્ષા અભિયાન**

**અનુભવ: પાટડી મહિલા સંગઠન, શ્રી મંજુલાબહેન**

સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકામાં કેટલાક ગામોમાં આંગણવાડી તથા મધ્યાહ્ન ભોજન માટે આપવામાં આવતું ભોજન તથા તેની સામગ્રી વિશે પાટડી મહિલા સંગઠનની બહેનો દ્વારા માહિતી એકઠી કરવામાં આવી. તેમાં ખોરાકની ઓછી ગુણવત્તા, અપૂરતી સાધનસામગ્રી વગેરે જેવી સમસ્યાઓ જોવા મળી. તેથી મહિલા મંડળની બહેનો તથા ગામના આગેવાનો મળીને જનસુનવાઈના કાર્યક્રમ દ્વારા તેમના આ પ્રશ્નોની રજૂઆત સરકારી અધિકારીઓ સમક્ષ કરી. તેના લીધે જિલ્લા કક્ષાએથી ખોરાકની ગુણવત્તા સુધારવા માટે પરિપત્ર બહાર પાડવામાં આવ્યો. હવે આંગણવાડી તથા શાળામાં મળતા મધ્યાહ્ન ભોજનની ગુણવત્તા સુધરી છે તથા તે સરકારે કરેલ સૂચન અનુસાર આપવામાં આવે છે. તેની નિયમિત દેખરેખ જેમનાં બાળકો ખોરાક લે છે તેવી વંચિત સમુદાયની બહેનો તથા ગામની આગેવાનોની બનેલી સમિતિ દ્વારા કરવામાં આવે છે.

**૩. માળખાકીય વ્યવસ્થા: મહિલા માહિતી કેન્દ્ર**

**અનુભવ: શ્રી રમીલાબહેન બારિયા, માહિતી કેન્દ્ર, દેવગઢ મહિલા સંગઠન**

પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકામાં દેવગઢ મહિલા સંગઠન તથા

'આનંદી' સંસ્થાના સહિયારા પ્રયાસથી માહિતી કેન્દ્ર ચલાવવામાં આવે છે. શ્રી રમીલાબહેન બારિયા આ માહિતી કેન્દ્રના સંચાલક છે. માહિતી કેન્દ્ર એ એવું માળખું છે કે જ્યાં ગરીબ અને વંચિત સમુદાયોથી અને ખાસ કરીને મહિલાઓ તેમના પ્રશ્નની રજૂઆત કરે છે, જેને માહિતી કેન્દ્ર દ્વારા સરકાર સુધી પહોંચાડાય છે. તેમ જ સરકારની વિવિધ યોજનાઓની માહિતી લોકો સુધી પહોંચાડાય છે. આમ, માહિતી કેન્દ્ર એ લોકોનું, લોકો માટે અને લોકો દ્વારા ચાલતું એક એવું માળખું છે, લોકશાહી પ્રક્રિયાને વધુ મજબૂત બનાવે છે. સરકારની વધુ નજીક જવા માટે તેમ જ સરકારની અસરકારકતા પર ધ્યાન રાખી શકાય તેવી વ્યવસ્થા છે.

**૪. માળખાકીય વ્યવસ્થાઃ જેન્ડર રિસોર્સ સેન્ટરઃ**

**અનુભવઃ પ્રીતિબહેન ઓઝા, નિયામકશ્રી, જેન્ડર રિસોર્સ સેન્ટર**

જેન્ડર રિસોર્સ સેન્ટર એ ગુજરાત સરકાર દ્વારા રચાયેલી એક સ્વાયત્ત સંસ્થા છે. સરકારને મહિલાલક્ષી શાસન બને તે માટે નીતિ વિષયક યોજનાકીય તેમ જ નાણાકીય ફાળવણી અંગેનાં સૂચનો કરે છે. તેમ જ જરૂર પડે આ વિષય પર સરકાર સાથે ચર્ચા પણ કરે છે અને હિમાયત કરે છે.

**૫. માળખાકીય વ્યવસ્થાઃ ગ્રામ પંચાયત - આંબલા**

**અનુભવઃ શ્રી સવિતાબહેન, સભ્ય - આંબલા ગ્રામ પંચાયત**

ભાવનગર જિલ્લાના શિહોર તાલુકામાં આવેલા આંબલા ગામમાં શ્રી સવિતાબહેન ગ્રામ પંચાયતના સભ્ય છે. સવિતાબહેન ચૂંટાઈ આવ્યા બાદ 'આનંદી' સંસ્થાના સંપર્કમાં આવ્યાં અને સભ્ય તરીકે મળતાં હકો અને સત્તા વિશે જાગૃત થવા અને ગામ માટે કંઈક કરવા કટિબદ્ધ થયાં. તેમને ગામની અન્ય બહેનો તથા લોકોના સહયોગથી ગામમાંથી વર્ષો જૂના કચરાના ઢગલા સાફ કરાવવાનું કામ કર્યું. ઉપરાંત, છેવાડાના લોકો સુધી પીવાનું પાણી પહોંચતું નહોતું. તેમને સાથે મળી પીવાના પાણી માટે માંગ કરી અને તે મેળવ્યું. ગામમાં દારૂ પીતા લોકોનું પ્રમાણ વધારે હતું તેથી ગ્રામ પંચાયતમાં વારે વારે આ બાબત પર ચર્ચા-વિચારણા કરી ગામના લોકોએ ભેગા મળી દારૂના વ્યસની લોકોને દારૂ છોડાવવા માટે પ્રયત્ન કર્યા. આમ, ગ્રામ સ્તરે ગ્રામ પંચાયત એ ગામના પ્રશ્નોનું નિરાકરણ કરતું એવું માળખું છે કે જે ગ્રામ સ્વરાજના સિદ્ધાંતને સાર્થક કરે છે. આ હકીકતને આંબલા ગ્રામ પંચાયત સફળ રીતે પુરવાર કરે છે.

**૬. શ્રી નીતાબહેન પટેલઃ**

**કર્મશીલ - વિકલાંગ લોકોના મુદ્દાઓ માટે**

શ્રી નીતાબહેન પટેલ કચ્છના જિલ્લાના વતની છે. ૨૦૦૧ના જાન્યુઆરી માસમાં આવેલ ગોઝારા ભૂકંપમાં પોતાના બન્ને પગ ગુમાવનારા નીતાબહેન માટે જીવન એક લડત સમાન બની ચૂક્યું હતું. અચાનક જ શારીરિક વિકલાંગતાના કારણે તેઓને હલન ચલન માટે પરાધીનતા થઈ ગઈ. તે બાબત તેમને અસહ્ય લાગવા માંડી હતી. તેમને શાળાએ જવાની મુશ્કેલી પડતી હોવાથી શાળા છોડી દેવી પડી હતી. પરંતુ લાચારીભરી પરિસ્થિતિનો સ્વીકાર કરી બેસી રહેવાને બદલે તેમણે બહાર જવાની શરૂઆત કરી. શાળા, બેંક, સરકારી કાર્યાલયો અને સમાજ ઘર જેવાં સ્થળોએ રેમ્પની સુવિધા ન હોવાથી તેમને અપાર મુશ્કેલી વેઠવી પડતી હતી. તેથી તેમણે અન્ય વિકલાંગ વ્યક્તિઓને પણ સંઘર્ષ કરવા માટે પ્રેર્યા. તેમના વારંવારના પ્રયત્નોના કારણે તેમના ગામની શાળા અને સમાજ ઘરમાં રેમ્પ બનાવવામાં આવ્યા. તેમના કહેવા મુજબ વિકલાંગ માટે પહોંચ મોટો પ્રશ્ન છે. તેઓ કંઈક કરવા માંગે તો પણ તેમની વિકલાંગતા તેમને નિરુત્સાહ કરે છે. એક વિકલાંગ વ્યક્તિ તરીકે સરકાર તરફથી પ્રાપ્ય તમામ હકોને મેળવવા માટે તે કટિબદ્ધ છે અને તે માટે સરકારી તંત્રને કાર્યાન્વિત કરે છે. તેનો લાભ માત્ર નીતાબહેન જ નહિ, પરંતુ અન્ય લોકો પણ લઈ શક્યા છે. તેનું સફળ અને પ્રેરક ઉદાહરણ નીતાબહેને સમાજ સમક્ષ ઊભું કર્યું છે.

સમગ્ર કાર્યશાળા દરમ્યાન ઉપસ્થિત સહભાગીઓ દ્વારા ગુજરાત સરકારનાં વિવિધ ખાતાંઓ સામે રજૂ કરવા માટે નીચે મુજબ હિમાયતના મુદ્દાઓ ઊભરી આવ્યા હતાઃ

## સૂચનો

**૧. આરોગ્ય વિભાગ**

રાધનપુર જિલ્લાના મહિલાઓના પ્રશ્ને કાર્યરત 'અવાજ' સંસ્થાના અનુભવને આધારે સરકારની નેશનલ રૂરલ હેલ્થ મિશન હેઠળ આવતું કોમ્યુનિટી ફંડ રૂ.૧૦,૦૦૦ સરપંચ અને એ.એન.એમ.ના ખાતામાં વપરાયા વગરના પડ્યા રહે છે તેથી જો તેનું સંચાલન ગ્રામ આરોગ્ય સમિતિ (જેમાં ગ્રામ પંચાયતનાં મહિલા સભ્યો, આરોગ્ય અને પોષણના સેવકો, દાયણ બહેનો તથા આરોગ્ય સેવા લેવા આવતા લોકો હોય છે) તેમને સોંપવામાં આવે કે જેથી આરોગ્ય સેવાઓની પહોંચ તથા તેની ગુણવત્તામાં સુધારો થાય અને લોકોની આરોગ્ય વિષયક જરૂરિયાત પ્રમાણે અસરકારક રીતે તેનો ઉપયોગ થઈ શકે.

**૨. જાહેર બાંધકામ વિભાગ, ગ્રામીણ વિકાસ મંત્રાલય**

જાહેર આરોગ્ય કેન્દ્ર, ગ્રામ પંચાયત, સરકારની કચેરીઓ આવા જાહેર સ્થળોએ ચડવા ઉતરવા માટે વિકલાંગ વ્યક્તિઓને અગવડ ન પડે તે માટે સરકાર દ્વારા વિકલાંગ ધારો ૧૯૯૫ હેઠળ રેમ્પની સુવિધા આપવાની જોગવાઈ કરવામાં આવી છે પરંતુ તે કોઈ નિશ્ચિત બજેટ હેડ નીચે ન હોવાથી નાણાકીય ફાળવણી કરવામાં આવતી નથી તેથી ખૂબ જ ઉપયોગી અને ઓછી કિંમતે મળતી આ સુવિધા ધ્યાન બહાર જાય છે. આમ, વિકલાંગ ધારા ૧૯૯૫નું યોગ્ય અમલીકરણ કરી વિકલાંગ વ્યક્તિઓની વ્હીલચેર તથા તેમની સુવિધાનુસાર બાથરૂમની સગવડ આપવી જોઈએ.

### ૩. શિક્ષણ વિભાગ

પાટડી મહિલા સંગઠનનાં સભ્ય શ્રી મંજુલાબહેન તથા મંડળની અન્ય બહેનોએ તેમના આસપાસનાં ગામોની શાળાઓમાં કરેલા એક અભ્યાસને આધારે મધ્યાહ્ન ભોજન યોજનામાં રસોઈ બનાવવાનું કામ કરતી મહિલાઓને રસોઈ માટે પૂરતી સામગ્રી તથા ગેસની સુવિધા આપવામાં આવતી નથી જેના લીધે બહેનોનાં કામનું ભારણ વધે છે. તેથી બહેનોનું વૈતરું ઘટે તે માટે તેમને ગેસની સુવિધા આપી નવો ચીલો પાડવાની જરૂર છે.

### ૪. મહિલા અને બાળ વિકાસ વિભાગ, આરોગ્ય વિભાગ

અન્ન સુરક્ષા અધિકાર અભિયાન ગુજરાત દ્વારા થયેલા એક અભ્યાસના તારણને આધારે મધ્યાહ્ન ભોજન યોજનામાં રસોઈ બનાવવાનું કામ કરતી મહિલાઓને રસોઈ માટે પૂરતી સામગ્રી તથા ગેસની સુવિધા તથા યોગ્ય વેતન મળતું ન હોવાથી તેની અસર ખોરાકની ગુણવત્તા પર થાય છે. તેથી ખોરાકની ગુણવત્તાની દેખરેખ માટે સમિતિની રચના થવી જોઈએ. આ સમિતિનું પ્રતિનિધિત્વ ગામની વંચિત બહેનો દ્વારા થવું જોઈએ.

### ૫. માહિતી ખાતું, મહિલા અને બાળ વિકાસ વિભાગ

સ્થાનિક સ્તરે જાગૃત તથા અલ્પ શિક્ષિત/નિરક્ષર મહિલા આગેવાનો તેમનાં વિસ્તારમાં વિવિધ વિકાસલક્ષી કામો માટે જાગૃતિ ફેલાવવાનું કામ સક્રિય રીતે કરે છે. તેમનાં દ્વારા થયેલા પ્રયત્નો (બેસ્ટ પ્રેક્ટિસ)નું દસ્તાવેજીકરણ તથા તેનો પ્રચાર થવો જોઈએ. વળી, ગ્રામ વિસ્તારોમાં અડધાથી પણ વધુ લોકો નિરક્ષર હોય છે તેથી પોસ્ટર જેવું આઈ.ઈ.સી. સાહિત્ય ઓછું અસરકારક રહે છે. તેના બદલે આવી સક્રિય બહેનોના સહયોગ દ્વારા માહિતી ફેલાવો કરી શકાય. આ માટે બહેનો જ મજૂરી ગુમાવે છે તેને બદલે તેનું વળતર મળવું જોઈએ. આ રીતે દૃષ્ટાંતરૂપ કામ કરતા લોકોને તાલુકા જિલ્લા તેમ જ રાજ્ય સ્તરે એવોર્ડ આપી સન્માનિત કરવા જોઈએ.

### ૬. ગ્રામ વિકાસ વિભાગ

આમલા ગ્રામ પંચાયત (તાલુકો શિહોર, જિ. ભાવનગર)નાં સભ્ય શ્રી સવિતાબહેન પટેલના સૂચન અનુસાર ઈન્દિરા આવાસ યોજના હેઠળ બનતાં મકાનોનું બાંધકામ જ્યારે પ્લીન્થ સુધી પહોંચે ત્યારે સરકાર તરફથી નાણાં ફાળવવામાં આવે છે. પરંતુ ગરીબી રેખા જીવતા લોકો પાસે મકાનનું બાંધકામ શરૂ કરવા જેટલી નાણાકીય જોગવાઈ હોતી નથી. આ માટે ગ્રામ પંચાયત પાસે અલગ ફંડ હોવું જોઈએ. તેમાંથી જરૂરિયાતવાળા લોકોને એડવાન્સ આપી શકાય. સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન હેઠળ બનાવવામાં આવતી શૌચાલયોની બાબતમાં પણ ઈન્દિરા આવાસ યોજના હેઠળ આવતાં મકાનોને પ્રાથમિકતા આપવી જોઈએ કારણ કે આ લોકો સરકાર દ્વારા ગરીબી રેખા હેઠળ જીવતા લોકો તરીકે ઓળખાયેલા છે કે જેમની પાસે શૌચાલય બનાવવા માટે નાણાકીય સગવડ નથી.

### ૭. ખેતીવાડી વિભાગ

૪૦-૫૦ વર્ષો પહેલાં સ્ત્રીને પણ પુરુષ જેટલા સમાન હકો જમીન પર આપવામાં આવ્યા છે. પરંતુ ૧૧ બહેનો જ જમીન પર માલિકી ધરાવે છે તેનાં કારણો શોધી તે દિશામાં કામ કરવાની જરૂર છે. ગુજરાત સરકાર દ્વારા એકત્ર કરવામાં આવતી માહિતીનું જો લિંગ આધારિત વર્ગીકરણ કરવામાં આવે તો યોગ્ય માહિતી મળી શકે તથા આ માહિતી જી.આર.સી. અને મહેસૂલ વિભાગની વેબસાઈટ ઉપર મૂકવામાં આવે જરૂરી છે.

### ૮. પંચાયત વિભાગ

દેવગઢ મહિલા સંગઠનનાં સભ્ય તથા માહિતી કેન્દ્રનાં સંચાલક શ્રી રમીલાબહેન બારિયાના સૂચન પ્રમાણે તલાટી તેમ જ તાલુકા વિકાસ સ્તરના અધિકારીઓએ ચૂંટાયેલ મહિલા પ્રતિનિધિઓના પતિ કે પરિવારનાં અન્ય સભ્ય સાથે વાતચીત કરવાને બદલે તે મહિલા પ્રતિનિધિઓ સાથે જ વાતચીત કરવાનો આગ્રહ રાખવો જોઈએ. તેના લીધે પરિવારના સભ્યો પણ તેમને વાતચીત કરવા માટે પરવાનગી આપે છે. માહિતી કેન્દ્ર ચલાવવા માટે તાલુકા પંચાયતની ઓફિસમાં કાયદેસર જગ્યા આપવી જોઈએ. તેથી સરકારી અધિકારી અને લોકો વચ્ચે તેનું અંતર ઓછું કરી શકાય અને પ્રત્યક્ષ વાતચીત કરી શકાય.

## આગામી જરૂરિયાત

ગુજરાતના વિવિધ પ્રદેશો અને વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત સંસ્થાઓ, સામુદાયિક સંગઠનો અને કાર્યશીલો વચ્ચે તેમના અનુભવોની રજૂઆત તથા થયેલ ચર્ચાના આધારે આ દિશામાં વધુ અસરકારક સાબિત થવા માટે નીચે મુજબના પ્રયાસો કરવાની જરૂર વર્તાય છેઃ

- 'સામાજિક લિંગ આધારિત અંદાજપત્ર'ની વ્યાખ્યા - આંતરરાષ્ટ્રીય કક્ષાએ મહિલાઓની ચળવળના ઐતિહાસિક સંદર્ભમાં સ્પષ્ટ કરવી તથા વૈશ્વિકીકરણ તથા ઉદારીકરણની, અંદાજપત્ર તૈયાર કરવાની પ્રક્રિયા પર પડતી અસરો સમજવી.
- સામાજિક લિંગ આધારિત અંદાજપત્રનાં મુખ્ય તત્ત્વો જેવાં કે વિકાસની નવી પરિભાષા, આયોજનની મુખ્ય ધારામાં જેન્ડર અને ન્યાયી શાસનની સમજ સરળ અને સ્પષ્ટ બનાવવી.
- સરકારના તથા સ્થાનિક સ્વરાજની સંસ્થાઓના ગરીબી નિવારણના કાર્યક્રમો માટે ગુજરાત સરકાર, કેન્દ્ર સરકાર, પંચાયતોની કેસ સ્ટડીના આધારે અંદાજપત્રનું વિશ્લેષણ કરવાની આવડતી ઊભી કરવી.
- વિવિધ સ્તરે સામાજિક લિંગને અનુરૂપ અંદાજપત્ર તૈયાર કરવાની ક્ષમતા કેળવવી.
- આ દિશામાં કાર્યરત વ્યક્તિઓ, સંગઠનો તેમ જ સંસ્થાઓની સમજ તેમજ ક્ષમતા વધારવી.

# પંચાયતમાં મહિલાલક્ષી અંદાજપત્ર

પંચાયતોનાં અંદાજપત્રો સ્થાનિક સ્તરની રાજકોષીય નીતિને રજૂ કરે છે તેથી તેમાં મહિલા વિકાસ અંગેની જોગવાઈઓ કેટલી થાય છે અને ખરેખર કેટલું ખર્ચ થાય છે એ મહત્ત્વનું બને છે. આ સંદર્ભમાં ઉપસ્થિત થતા કેટલાક અગત્યના મુદ્દાઓની ચર્ચા અહીં **શ્રી હેમન્તકુમાર શાહ** દ્વારા કરવામાં આવી છે.

## પ્રસ્તાવના

૭૩મા બંધારણ સુધારાને પરિણામે પંચાયતો ત્રીજા સ્તરની સરકાર બની છે અને તેમાં હોદ્દા તથા સભ્યપદ માટે મહિલાઓ માટે ૩૩ ટકા અનામત ઊભી થઈ છે અને વળી અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ તથા અન્ય પછાત વર્ગોમાં પણ મહિલા અનામત લાગુ પડે છે. ત્યારે પંચાયતોનાં અંદાજપત્રો મહિલાલક્ષી બને એ માટેના સઘન પ્રયાસો થાય એ જરૂરી છે. આવા પ્રયાસો છેક નીચલા સ્તરેથી થવા જોઈએ. અંદાજપત્ર એ પંચાયતનું વાર્ષિક નાણાકીય નિવેદન છે. તે દર વર્ષે રજૂ થાય. એ માટે બંધારણમાં અને પંચાયતને લગતા કાયદામાં જોગવાઈઓ થયેલી છે. એમાં વિવિધ પ્રકારની આવકો અને ખર્ચની વિગતો તો હોય છે જ પણ એ પંચાયતની રાજકોષીય નીતિનું પ્રતિબિંબ પણ પાડે છે. એટલે કયાં અને કેવી રીતે થવું જોઈએ એનું આયોજન તેમાં વ્યક્ત થાય છે. એ દૃષ્ટિએ પંચાયતોનાં અંદાજપત્રોમાં સામાજિક વિકાસ અને મહિલા વિકાસ માટે કેટલી જોગવાઈ થાય છે અને ખરેખર કેટલો ખર્ચ થાય છે તે મહત્ત્વનું બને છે. જો પંચાયતો આ બાબત અંગે સક્રિય થાય તો મહિલા વિકાસ એ સ્થાનિક આયોજન અને અંદાજપત્રનો ભાગ બને.

## (૧) અંદાજપત્રની તૈયારી

પંચાયતનું બજેટ ઘડાતું હોય ત્યારે મહિલાઓ માટે શી જોગવાઈઓ કરવામાં આવી રહી છે તેની વિશેષ કાળજી રાખવી જરૂરી છે. ખાસ કરીને ગ્રામ, તાલુકા અને જિલ્લા પંચાયતનાં અંદાજપત્રોમાં આ પ્રકારની જોગવાઈઓ કેવી રીતે કરવામાં આવે છે તેના પર નજર રાખવી જોઈએ. પંચાયતોમાં ચૂંટાયેલાં મહિલા સભ્યોની તો આ વિશેષ જવાબદારી છે. ખાસ કરીને સામાજિક ન્યાય સમિતિમાં અને કારોબારી સમિતિમાં જે મહિલા સભ્યો હોય તેમણે ગ્રામ પંચાયતનું અંદાજપત્ર ઘડાતું હોય ત્યારે મહિલાઓ માટે કલ્યાણલક્ષી અને વિકાસલક્ષી તથા સશક્તિકરણ અંગેની જોગવાઈઓ થાય તે માટે પ્રયત્ન કરવો જોઈએ. તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત સ્તરે પણ આ જ પ્રકારના પ્રયાસો થવા જોઈએ તથા જિલ્લા પંચાયતની વિવિધ સમિતિઓના મહિલા સભ્યોએ પંચાયતની બેઠકોમાં આ સમિતિઓના અધ્યક્ષો અને સભ્યોએ એ માટે રજૂઆત કરવાની પહેલ કરવી જોઈએ.

## (૨) નાણાં પંચનું અનુદાન

કેન્દ્રીય નાણાં પંચ પણ પંચાયતોને અનુદાન આપવાની ભલામણ કરે છે. એ ભલામણ અનુસાર કેન્દ્ર સરકાર પાસેથી દર વર્ષે પંચાયતોને અનુદાન મળે છે. એ અનુદાન રાજ્ય સરકાર મારફતે મળે છે. ૧૨મા નાણાં પંચે તેના અહેવાલમાં એમ જણાવ્યું છે કે એ અનુદાન બિન-શરતી (અન-ટાઈડ) હોવું જોઇએ. એટલે કે તેના વપરાશ માટે કોઈ પણ શરતો કેન્દ્ર સરકારે કે રાજ્ય સરકારે ના લાદવી જોઈએ. આ અનુદાન વાપરવા માટેની સ્વતંત્રતા પંચાયતોને હોય એ જરૂરી છે. ત્રણેય સ્તરની પંચાયતોના અંદાજપત્રમાં આ અનુદાનની જોગવાઈ કેટલી છે અને તેમાંથી મહિલાઓના કલ્યાણ માટે કેટલી જોગવાઈ કરવામાં આવી છે તે પ્રત્યે ધ્યાન આપવાની જરૂર છે. પંચાયતોના મહિલા સભ્યો, સરપંચો અને પ્રમુખો આ બાબતો વિશે જગૃત થાય એ આવશ્યક છે.

## (૩) રાજ્ય સરકારનું અનુદાન

ગુજરાત રાજ્ય સરકારના ૧૩ વિભાગોમાંથી પંચાયતોને અનુદાન પ્રાપ્ત થાય છે. આ અનુદાન મુખ્યત્વે જિલ્લા પંચાયતો પાસે આવે છે અને પછી તે તાલુકા પંચાયતો અને ગ્રામ પંચાયતોને મળે છે. આ વિભાગીય અનુદાનમાંથી કઈ યોજનાઓ માટે ખર્ચ થાય છે અને તેમાંથી કેટલું અનુદાન કઈ પંચાયત દ્વારા વાપરવામાં આવે છે તેની જાણકારી જિલ્લા પંચાયતમાંથી પ્રાપ્ત થાય છે. એટલે જિલ્લાના અંદાજપત્રમાં કેટલી જોગવાઈઓ મહિલાલક્ષી છે તે અગત્યનું બને છે કારણ કે જિલ્લા પંચાયતોના અંદાજપત્રમાં આ અનુદાનની રકમ લગભગ ૯૮ ટકા હોય છે. ખાસ કરીને જિલ્લા પંચાયતના મહિલા સભ્યોએ તેથી મહિલાલક્ષી જોગવાઈઓ થાય તેની વિશેષ કાળજી રાખવી જોઈએ.

## (૪) સ્વભંડોળનું ખર્ચ

ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની સ્વભંડોળની આવક અગત્યની છે. સ્વભંડોળની આવક એટલે એવી આવક કે જે

પંચાયતો દ્વારા પોતાના સ્તરે વેરા, ફી, દંડ વગેરે દ્વારા મેળવવામાં આવે છે. આ આવક ક્યાં વાપરવી તે અંગે સ્વતંત્રતા છે. તેથી પંચાયતના મહિલા સભ્યોએ સ્વભંડોળની આવક વિશેષ પ્રમાણમાં મહિલા વિકાસ માટે ફાળવાય તે માટે આગ્રહ રાખવો જોઈએ. આ માટે પંચાયતની બેઠકોમાં તેઓ વારંવાર રજૂઆત કરે તે જરૂરી છે. એ સાથે જ ગ્રામ સભામાં પણ આ મુદ્દા ઉઠાવાય તો તે માટે વ્યાપક સર્વસંમતિ ઊભી થાય.

## (૫) નિધિઓની વપરાશ

ગુજરાતમાં પંચાયતોને અનુદાન અને લોન આપવા માટે વિવિધ નિધિઓની સ્થાપના કરવામાં આવી છે. રાજ્ય સમકારી નિધિ અને જિલ્લા સમકારી નિધિ ગ્રામ વિસ્તારોનું પછાતપણું દૂર કરવા માટે ઊભી કરવામાં આવી છે. આ નિધિઓમાંથી પછાત ગ્રામ વિસ્તારોના માળખાગત વિકાસની જેમ જ સામાજિક વિકાસ માટે પણ નાણાં ફાળવાય એ જરૂરી છે. એમાંથી મહિલાઓના વિકાસ માટે પણ નાણાંનો ખર્ચ થઈ શકે. જિલ્લા પંચાયતોના મહિલા સભ્યોએ આ માટે વિશેષ કાળજી રાખવી જોઈએ. એ જ રીતે જિલ્લા પંચાયત સ્તરે સામાજિક ન્યાય નિધિની રચના કરવામાં આવી છે. આવી નિધિની રચના કરવાનું ગુજરાત પંચાયત ધારા અન્વયે ફરજિયાત છે પણ જિલ્લા પંચાયતોનાં અંદાજપત્રોમાં આવી નિધિની રચના થયાનું જણાતું નથી. જિલ્લા પંચાયતની સ્વભંડોળની આવકમાંથી અમુક રકમ આ નિધિ માટે ફાળવવાની હોય છે. સામાજિક ન્યાય ઊભો થાય તે માટે જ તેમાંથી ખર્ચ કરવાનો હોય છે. એટલે જિલ્લા, તાલુકા અને ગ્રામ પંચાયતની સામાજિક ન્યાય સમિતિઓએ તે નિધિમાં કેટલાં નાણાં છે અને તેનો ઉપયોગ કેવી રીતે કરી શકાય તેની માહિતી પ્રાપ્ત કરવી જોઈએ. જિલ્લા પંચાયતોનાં અંદાજપત્રોમાં આ માટે અલગ પત્રક તૈયાર કરવામાં આવે એ જરૂરી છે. આ ઉપરાંત, જિલ્લા વિકાસ નિધિ અને જિલ્લા ગ્રામોત્તેજન નિધિ પણ અસ્તિત્વમાં છે. વિકાસનાં વિવિધ કામો માટે આ નિધિઓનો ઉપયોગ થાય તે જોવાની પણ પંચાયતોનાં મહિલા સભ્યોએ કાળજી લેવાની જરૂર છે.

## દબાણ લાવવા માટેના મુદ્દાઓ

અંદાજપત્ર મહિલાલક્ષી બને તે માટે પંચાયત સ્તરે દબાણ ઊભું કરવું જરૂરી છે. પંચાયતોનાં મહિલા સભ્યો આવું દબાણ રાજ્ય કક્ષાએ ઊભું કરે અને વિધાનસભાના મહિલા સભ્યો ઉપર પણ એ માટે દબાણ લાવે એ જરૂરી છે. આ અગત્યના મુદ્દાઓ નીચે મુજબ છે:

(૧) ગુજરાત રાજ્ય સરકાર તરફથી પંચાયતોને જે અનુદાન મળે છે તે અનુદાન શરતી ભંડોળ હોય છે. જો આ ભંડોળ બિન-શરતી હોય તો જ પંચાયતોને તે વાપરવાની સ્વતંત્રતા મળે છે. જો એ બિન-શરતી હોય તો જ પંચાયત પોતે તેમાંથી મહિલાઓના વિકાસ માટે પોતાને યોગ્ય લાગે તેટલાં નાણાં ફાળવી શકે છે. વળી, શરતી ભંડોળ યથાવત્ રહે અને વધારાનું બિન-શરતી ભંડોળ પંચાયતોને ફાળવવામાં આવે એ માટે પણ દબાણ ઊભું કરવું જરૂરી છે.

(૨) ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત એમ ત્રણેય સ્તરની પંચાયતો માટેનાં અંદાજપત્રો અંગે જે પત્રક તૈયાર કરવામાં આવ્યું છે તે એકસમાન છે. જિલ્લા પંચાયતો કે તાલુકા પંચાયતોનાં અંદાજપત્રોમાં જે બાબતો હોય છે તે બધી બાબતો ગ્રામ પંચાયતોનાં અંદાજપત્રોમાં હોતી નથી. ગ્રામ પંચાયતો માટે અલગ અને સરળ પત્રક હોવું જોઈએ કારણ કે તેમના અંદાજપત્રની રકમ અને તેની બાબતોની સંખ્યા નાની હોય છે. જો એ પત્રક સરળ બને તો ગ્રામ પંચાયતના સભ્યોને તેની સમજણ આસાનીથી પડી શકે.

(૩) પંચાયતના બજેટમાં મહિલાઓના વિકાસ માટેની વિશેષ જોગવાઈઓને અલગ તારવવી જોઈએ અને પંચાયતના કુલ ખર્ચમાં એ ફાળવણીનો કેટલો ટકાવારી ફાળો છે તે દર્શાવવું જોઈએ. આ અંગે એક અલગ પત્રક તૈયાર કરીને અંદાજપત્રમાં છપાય તે જરૂરી છે. એ માટે બજેટ અંગેના નિયમોમાં સુધારો પણ થવો જોઈએ.

(૪) ધારાસભ્યોના અનુદાન અને સંસદ સભ્યોના અનુદાનનો ઉપયોગ મોટે ભાગે માળખાગત વિકાસનાં કાર્યો માટે થાય છે. તેમાં સામાજિક વિકાસ અને મહિલા વિકાસ માટે ફાળવણી થાય તે પણ આવશ્યક છે. એ માટે વ્યક્તિગત વિકાસ અને સામૂહિક વિકાસની જે યોજનાઓ ત્રણેય સ્તરની પંચાયતોમાં સામાજિક ન્યાય સમિતિઓ બનાવે તેમને પ્રાધાન્ય આપી શકાય. આ મુદ્દાને વિશેષ પ્રાથમિકતા આપવાની જરૂર છે.

(૫) ૭૪મા બંધારણ સુધારામાં જિલ્લા આયોજન સમિતિની રચનાની જોગવાઈ કરવામાં આવી છે. ગુજરાતમાં જિલ્લા આયોજન મંડળ છે ખરું, જિલ્લા આયોજન સમિતિની રચના કોઈ જિલ્લામાં કરવામાં આવી નથી. જો આ સમિતિની રચના થાય તો નીચેથી ઉપર તરફનું આયોજન બંધારણીય જોગવાઈ મુજબ શક્ય બને અને તેમાં મહિલાઓના વિકાસ માટેનું પણ આયોજન શક્ય બને.

# ભારતમાં મહિલાલક્ષી અંદાજપત્ર

ભારતમાં મહિલાલક્ષી અંદાજપત્રની પ્રક્રિયા શરૂ થઈ છે. દેશના આર્થિક આયોજનમાં જો કે એ તત્ત્વ અગાઉથી જ હતું. પણ ધીમે ધીમે કલ્યાણથી વિકાસ અને વિકાસથી સશક્તિકરણ એમ અભિગમ બદલાતા ગયા. આ લેખમાં 'કાપાર્ટ'નાં પ્રાદેશિક પ્રતિનિધિ **સુશ્રી નમિતા પ્રિયદર્શી**એ આ અભિગમોની ચર્ચા કરી છે અને વિવિધ આયામોની આવશ્યકતા દર્શાવી છે.

## પ્રસ્તાવના

અંદાજપત્રો મહિલાઓના જીવન ઉપર અનેક રીતોએ અસર કરે છે. તે સીધી જ રીતે મહિલાઓના કાર્યક્રમો માટે અંદાજપત્રીય ભંડોળની ફાળવણી કરીને મહિલાઓના વિકાસને પ્રોત્સાહન આપે છે તથા જો અંદાજપત્રમાં કાપ મૂકવામાં આવે તો મહિલાઓના સશક્તિકરણની તકો ઘટાડે છે. માળખાગત ગોઠવણ કાર્યક્રમો અને વૈશ્વિકીકરણની નીતિઓએ જેની નાણાંમાં ચુકવણી ન થતી હોય તેવા કાર્યનો બોજો મહિલાઓ ઉપર વધાર્યો છે. એ રીતે અર્થતંત્રમાં મહિલાઓ દ્વારા જે સબસિડી પૂરી પાડવામાં આવે છે તેમાં વધારો થયો છે. નવી આર્થિક નીતિઓથી આવકમાં થયેલું અવમૂલ્યન ભાવોમાં વધારો અને જાહેર વિતરણ વ્યવસ્થા (પીડીએસ - પબ્લિક ડિસ્ટ્રિબ્યુશન સીસ્ટમ)ની અક્ષમતા તથા જાહેર આરોગ્ય સંભાળ વ્યવસ્થા દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓમાં થયેલા ઘટાડાએ મહિલાઓએ તેમના ગજા બહારનો બોજો ઉઠાવવો પડે છે. પિતૃસત્તાક પરિવારોમાં મહિલાઓ જ ભોજન પૂરું પાડવાની અને પરિવારના બીમાર સભ્યોની સારવાર કરવાની જવાબદારી ઉઠાવે છે. તેથી આવશ્યક વસ્તુઓ પરના આડકતરા કે પરોક્ષ વેરાનું પ્રમાણ ન વધે તેમાં અને અન્ન સલામતી તેમ જ આરોગ્ય સંભાળની બાંયધરીની અંદાજપત્રીય જોગવાઈએ થાય તેમાં મહિલાઓનું મોટું હિત સમાયેલું છે.

## ભારતમાં થયેલા પ્રયાસો

કેન્દ્ર સરકારના ૨૦૦૫-૦૬ના અંદાજપત્રમાં મહિલાલક્ષી અંદાજપત્ર પ્રત્યેની પ્રતિબદ્ધતા જોવા મળે છે. કેન્દ્ર સરકારે તમામ રાજ્યોને પણ મહિલાલક્ષી અંદાજપત્રો તૈયાર કરવા જણાવ્યું છે. એમ જણાય છે કે ૨૨ રાજ્યોએ તેમનાં અંદાજપત્રોમાં મહિલાલક્ષી અંદાજપત્ર તૈયાર કરવાની બાબતનો અમલ કર્યો છે. ભારતમાં આયોજન પંચે હંમેશાં અર્થતંત્રમાં મહિલાઓની સ્થિતિ વિશેના પંચના સભ્યોના ખ્યાલોને આધારે મહિલાઓના પ્રશ્નો ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. ૧૯૫૧-૫૬ની પ્રથમ પંચવર્ષીય યોજના દરમ્યાન ૧૯૫૩માં કેન્દ્રિય સમાજ કલ્યાણ બોર્ડની સ્થાપના સ્વૈચ્છિક સંસ્થાઓ, સખાવતી ટ્રસ્ટો અને સખાવતી સંસ્થાઓ દ્વારા થતા કલ્યાણલક્ષી કાર્યને પ્રોત્સાહિત કરવા માટે કરવામાં આવી હતી. ૧૯૫૬-૬૧ની દ્વિતીય પંચવર્ષીય યોજના દરમ્યાન સ્થાનિક સ્તરે મહિલા મંડળો વિકસે તેને ટેકો અપાયો.

ત્રીજી અને ચોથી પંચવર્ષીય યોજનાઓ અને યોજના વિરામના ૧૯૬૧-૭૪ના ગાળા દરમ્યાન મહિલાઓના શિક્ષણ, બાળ આરોગ્ય સેવાઓ, બાળકોને પૂરક પોષણ અને સગર્ભા સ્ત્રીઓનો પોષણ ઉપર ભાર મૂકવામાં આવ્યો. ૧૯૭૪-૭૮ની પાંચમી પંચવર્ષીય યોજના દરમ્યાન મહિલાઓના સંદર્ભમાં મોટું પરિવર્તન આવ્યું અને તેમાં કલ્યાણને બદલે વિકાસ ઉપર ભાર મૂકવામાં આવ્યો. ૧૯૮૦-૮૫ની છઠ્ઠી યોજનામાં મહિલાઓના વિકાસનો એક અલગ આર્થિક એજન્ડા તરીકે સ્વીકાર કરવામાં આવ્યો. તેણે બહુ-આયામી અભિગમ અપનાવ્યો અને શિક્ષણ, આરોગ્ય તથા રોજગારી ઉપર વિશેષ ભાર મૂક્યો.

સાતમી પંચવર્ષીય યોજના (૧૯૮૫-૯૦)માં રાષ્ટ્રીય વિકાસના મુખ્ય પ્રવાહમાં મહિલાઓને સામેલ કરવાના હેતુની જાહેરાત કરવામાં આવી. ૧૯૯૨-૯૭ની આઠમી પંચવર્ષીય યોજનામાં વિકાસમાંથી સશક્તિકરણ તરફનો અભિગમ અપનાવાયો અને અર્થતંત્રનાં ચાવીરૂપ ક્ષેત્રોમાં મહિલાઓને લાભ મળે તેવનું વચન આપવામાં આવ્યું. તેમાં પણ શિક્ષણ, આરોગ્ય અને રોજગારી ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો. ૨૦૦૨-૦૭ની દસમી પંચવર્ષીય યોજનામાં મહિલાઓના સશક્તિકરણ માટે નિશ્ચિત વ્યૂહરચનાઓ, નીતિઓ અને કાર્યક્રમો આપવા ઉપર ભાર મૂકાયો. તેમાં જણાવવામાં આવ્યું છે કે, "વિકાસનું માપન કુલ ઘરેલૂ ઉત્પાદનની સિદ્ધિથી આગળ વધવું જોઈએ અને વિતરણાત્મક ન્યાય અને તેના ઉપરની દેખરેખના નિર્દેશકો તેમાં હોવા જોઈએ. મહિલાઓના વડપણ હેઠળનાં પરિવારોને વિશેષ લક્ષ્યાંક બનાવવાં જોઈએ, ગ્રામીણ અને શહેરી પરિસ્થિતિમાં તેમને જે વધારાના ગેરલાભો મળે છે તે ઓળખી કાઢવા જોઈએ અને વંચિતતાના વિવિધ માપદંડોનો સંદર્ભ તેમાં ઉમેરવો જોઈએ. માનવ વિકાસને માપવા માટે મહિલાલક્ષી વિકાસ નિર્દેશકો ઊભા કરાય અને વિકાસ ઉપર દેખરેખ રાખવા માટે તેમનો સાધન તરીકે ઉપયોગ ઝડપથી કરવાની જરૂર છે."

અંગભૂત યોજનાના અભિગમમાં સરકારની કામગીરીના વિભાજનની સમસ્યા ઉકેલાતી નહોતી તેથી શાસનના તમામ સ્તરે સેવાઓને સંકલિત કરવાનો અભિગમ કેન્દ્ર અને રાજ્ય સ્તરે તમામ વિભાગો અને મંત્રાલયોની આંતરક્ષેત્રીય સમિતિઓ દ્વારા અપનાવો જોઈએ. તેમાં સ્થાનિક સ્તરે પંચાયતો અને પાલિકાઓને વહીવટ માટે નિશ્ચિત જવાબદારીઓ સોંપવી જોઈએ.

## મહિલાલક્ષી ખર્ચ

૧. આરોગ્ય અને પરિવાર કલ્યાણસ માનવ સંસાધન વિકાસ, શહોરી રોજગારી અને ગરીબી નિવારણ, યુવા અને રમતગમત બાબતો, શ્રમ, સામાજિક ન્યાય અને અધિકારિતા, આદિવાસી બાબતો, વિજ્ઞાન અને ટેક્નોલોજી વગેરે વિભાગો અને મંત્રાલયો દ્વારા નીચે મુજબનાં પગલાં ભરાવાં જોઈએ:

## આયોજન અને અંદાજપત્ર

૧. મહિલાલક્ષી હોય તેવી યોજનાઓ અને કાર્યક્રમોની યાદી.
૨. મહિલાઓ માટેના કાર્યક્રમો હેઠળ હાથ ધરાતી પ્રવૃત્તિઓ.
૩. ખર્ચથી આવેલાં પરિણામોના નિર્દેશકો. જેમ કે, મહિલા લાભાર્થીઓની સંખ્યા, મહિલાઓની રોજગારીમાં વધારો, પ્રોજેક્ટ પત્યા બાદ આવક, કુશળતા કે સંસાધનો વગેરેમાં થયેલો વધારો.
૪. વાર્ષિક અંદાજપત્રમાં સંસાધનોની ફાળવણી અને તેમના ભૌતિક લક્ષ્યાંકો.
૫. લક્ષ્યાંકિત લાભાર્થીઓના સંદર્ભમાં સંસાધનોની યોગ્ય ફાળવણી થઈ કે કેમ

## કામગીરીનું ઓડિટ

૧. નાણાકીય અને ભૌતિક લક્ષ્યાંકોની બાબતમાં વાસ્તવિક કામગીરીની સમીક્ષા અને લક્ષ્યાંકો સિદ્ધ કરવામાં આડે આવતા અવરોધો.
૨. કાર્યક્રમની દરમ્યાનગીરીનું મૂલ્યાંકન, લાભ કેટલો મળ્યો, મહિલાઓની સ્થિતિમાં સુધારો વગેરે જેવી વાસ્તવિક બાબતો.
૩. ખર્ચ અને પરિણામના નિર્દેશકો વિકસાવવા અને તેમનું વિશ્લેષણ કરવું.

## ભાવિ આયોજન અને સુધારાત્મક પગલાં

૧. અવરોધો દૂર કરવા.
૨. લક્ષ્યાંકિત લાભાર્થીઓના સંદર્ભમાં કે બાળ મૃત્યુ દર, માતૃત્વ મૃત્યુ દર, સાક્ષરતાનું પ્રમાણ વગેરે જેવી સમસ્યાઓની સ્થિતિના સંદર્ભમાં જરૂરી સંસોધન.
૩. સંશોધન માટે જરૂરી નાણાકીય સંસાધનો અને માનવશક્તિની સમીક્ષા

### રાજસ્થાનમાં મહિલાલક્ષી અંદાજપત્ર

વિકાસમાં મહત્ત્વની બાબત એ છે કે તેનાથી મહિલાઓનું સશક્તિકરણ થાય અને સ્ત્રી-પુરુષ સમાનતા ઊભી થાય. રાજસ્થાન સરકાર એ માટે પ્રતિબદ્ધ છે. એ એક રાજ્યપ્રેરિત બાબત છે અને સરકારની કાર્યસૂચિનો ભાગ છે. એ સમગ્ર પ્રક્રિયામાં રાજ્ય સરકારના આયોજન વિભાગોના મૂલ્યાંકન વિભાગ અને અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર વિભાગે ખૂબ જ ચાવીરૂપ ભૂમિકા ભજવી છે.

આરંભમાં તેમણે આરોગ્ય, શિક્ષણ, ખેતી, મહિલા અને બાળ વિકાસ, સ્ટેમ્પ અને નોંધણી તથા સમાજ કલ્યાણ એમ છ વિભાગોના બજેટનું વિશ્લેષણ કર્યું. આ વિશ્લેષણ સહભાગિતાને આધારે કરાયું. સંબંધિત ખાતાંના અધિકારીઓએ યુનિફેમ, યુએનએફપીએ અને આઈએફઈએસના નિષ્ણાતો સાથે ગાઢ સંપર્કમાં રહીને કામ કર્યું, મનોમંથન કર્યું અને એ વિભાગોના અહેવાલો તૈયાર કર્યા. આ દરેક અહેવાલને અંતે ભલામણો પણ આપવામાં આવી. એને વિશે રાજ્ય સરકાર ગંભીરતાપૂર્વક વિચારણા કરી રહી છે.

રાજ્ય સરકારે મહિલાલક્ષી અંદાજપત્ર અંગે આ અહેવાલોને આધારે અનેક પ્રકાશનો બહાર પાડવાનું નક્કી કર્યું છે, અને તેમાંનું પ્રથમ પ્રકાશિત પણ કરી દીધું છે.

*સ્રોતઃ 'સ્નેપશોટ્સ ઓફ જેન્ડર રિસ્પોન્સિવ બજેટિંગ ઈન રાજસ્થાન', ૨૦૦૫-૦૬, આયોજન વિભાગ, રાજસ્થાન સરકાર.*

૪. નીતિઓ કે કાર્યક્રમો કે યોજનાઓમાં સમીક્ષાને આધારે સુધારા.

સંરક્ષણ, ટેલિકોમ, વીજળી, સંચાર, પરિવહન, ઉદ્યોગો, વાણિજ્ય વગેરે જેવાં ખાતાંમાં તેમના ખર્ચના સંદર્ભમાં નીચે મુજબની બાબતો ધ્યાનમાં લેવાવી જોઈએ:

૧. જાહેર ખર્ચ ધરાવતા તમામ કાર્યક્રમો અને તેમની પ્રવૃત્તિઓની યાદી બનાવવી.
૨. લાભાર્થીઓ કે વપરાશકારોનાં લક્ષ્યાંક જૂથો ઓળખવાં.
૩. પુરુષો અને સ્ત્રીઓ માટેના કાર્યક્રમો અલગ અલગ છે કે કેમ. અને જો ના હોય તો એ કેટલે અંશે યોગ્ય છે.
૪. મહિલાઓ માટે સેવાઓની પ્રાપ્તિ સરળ કરી આપતાં પગલાં તેમાં જથ્થો કે પ્રાથમિકતા નક્કી કરી શકાય? એ માટે મહિલાઓનાં પોલિસ સ્ટેશનો, મહિલાઓ માટે બસો વગેરે જેવી સેવાઓનું વિસ્તરણ થઈ શકે?

**જુઓ પૃષ્ઠ ૨૫**

# સાંપ્રત પ્રવાહ

## વિકલાંગતા વિશે રાજ્ય સ્તરીય સંમેલન

ગાંધીનગર પાસે કોબા ખાતે પ્રેક્ષાધ્યાન એકેડમીમાં ૧-૨, ડિસેમ્બર, ૨૦૦૬ના રોજ 'વિકલાંગતા સહભાગી સંમેલન - સામાજિક સમાવેશના પંથે' યોજવામાં આવ્યું હતું. ગુજરાતના તમામ જિલ્લાઓના વિકલાંગતા ધરાવતા ૩૦૦ જણા તેમાં હાજર રહ્યા હતા. તેઓ વિવિધ પ્રકારની વિકલાંગતા ધરાવતા હતા અને ગ્રામીણ-શહેરી સ્ત્રી-પુરુષો હતા. જિલ્લા સ્તરે આ સંમેલન માટેની પૂર્વ તૈયારીઓ થઈ હતી અને તેના પરિપાકરૂપે જ આ સંમેલન શક્ય બન્યું હતું.

આ સંમેલનનો હેતુ વ્યક્તિગત ક્ષમતા વર્ધનનો હતો કે જેથી તેઓ નેતૃત્વની ભૂમિકા અદા કરી શકે. વંચિતતા, ભેદભાવ, બાદબાકી અને હિંસાના પ્રશ્નોની ચર્ચા આ સંમેલનમાં વિકલાંગતાના સંદર્ભમાં કરવામાં આવી હતી. ગરીબી અને નિઃસહાયતા ઉપર તેમની શી અસર પડે છે તે પણ તેમાં ચર્ચાયું હતું. તેમની અસરો લઘુતમ બને તેવી વ્યૂહરચનાઓની પણ તેમાં ચર્ચા થઈ. ધારા, યોજનાઓ, કાર્યક્રમો અને સરકારની પરિયોજનાઓ વિશે તેમાં સમજ આપવામાં આવી હતી. મહિલાઓ અને બાળકોની વિકલાંગતા અને તેમના પ્રશ્નો ઉપર આ સંમેલનમાં વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. દૃશ્યમાનતા, વ્યક્તિગત વિકાસ, અધિકારિતા અને આપ-લે ઉપર તેમાં વિશેષ ધ્યાન અપાયું.

નાટક, નૃત્ય, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, સંગીત અને ફેશન શો જેવી પ્રવૃત્તિઓનો સર્જનાત્મક ઉપયોગ કરાયો. દરેક વિકલાંગ વ્યક્તિને આ સંમેલનમાં તેથી પોતાની જાતની અભિવ્યક્તિ કરવાની તક મળી હતી. ૧૬ જેટલા વિવિધ વિષયો વિશે તેમાં ચર્ચા કરવામાં આવી હતી. તે પણ જીવંત રહી હતી. ગુજરાતમાં વિકલાંગતાલક્ષી પ્રશ્નોના નિવારણ માટે અસરકારક અમલ કરવાનું શક્ય બને તે દિશામાં પ્રયત્નો કરવાનું વલણ ઊભું કરવાનો નિર્ણય આ સંમેલનમાં કરવામાં આવ્યો હતો. પત્રકારો સાથે પણ વાતચીત ગોઠવવામાં આવી હતી.

## વિકલાંગતા દિનની ઉજવણી

૨-૧૨-૦૬ના રોજ વિકલાંગતા દિનની ઉજવણી જુદી જ રીતે કરવામાં આવી. સમાન અને સમાવેશી સમાજ માટેનાં પગલાં ઉપર આ વર્ષે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. અવરોધમુક્ત ગુજરાત માટેની પદયાત્રામાં આ દિને લગભગ ૨૫૦૦ લોકોએ ભાગ લીધો. તેમાં વિકલાંગ લોકો, બિન-સરકારી સંગઠનોના પ્રતિનિધિઓ, સરકારી પ્રતિનિધિઓ, પત્રકારો, કંપનીઓના પ્રતિનિધિઓ, કોલેજો અને શાળાઓના વિદ્યાર્થીઓ, શિક્ષકો, અધ્યાપકો, વ્યવસાયીઓ વગેરેએ ભાગ લીધો હતો.



ગાંધી આશ્રમથી શરૂ થયેલી મેરેથોનમાં લગભગ ૧૫૦ જણાએ ભાગ લીધો હતો. બીજા ૪૫૦ જણાનું જૂથ વસ્ત્રાપુરના અંધજન મંડળથી કોચરબ આશ્રમ ગયું હતું. ત્યાં સૌ એકઠા થયા હતા. પદયાત્રા અને મેરેથોન દોડને પ્રતિષ્ઠિત વ્યક્તિઓએ લીલી ઝંડી બતાવી હતી. બાળકો, મહિલાઓ, યુવાનો, વૃદ્ધો સૌમાં ભારે ઉત્સાહ હતો. ખાસ કરીને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે પહોંચનો સવાલ આ દરમ્યાન પ્રકાશમાં લાવવામાં આવ્યો હતો. માધ્યમોએ આ કાર્યક્રમને સારું આવરણ આપ્યું હતું. કંપનીઓએ ટી-શર્ટ, કેપ્સ, પાણી વગેરે પૂરાં પાડ્યાં હતાં. પદયાત્રા અને મેરેથોનને અંતે તેમણે આઇસ્ક્રીમ પણ પૂરો પાડ્યો હતો. સમગ્ર પદયાત્રા દરમ્યાન બેનર્સ તૈયાર કરીને સંદેશો આમ જનતા સુધી પહોંચાડવા માટે પ્રયાસ કરવામાં આવ્યો હતો. 'હેન્ડિકેપ ઈન્ટરનેશનલ' દ્વારા આ કાર્યક્રમનું સંચાલન કરાયું હતુ અને વિવિધ બિન-સરકારી સંગઠનો અને વ્યક્તિઓએ કાર્યક્રમને ટેકો પૂરો પાડ્યો હતો.

## પંચાયતો કે પાલિકાઓની ચૂંટણીઓ મોકૂફ રાખી શકાય નહિ

ભારતની સર્વોચ્ચ અદાલતે તા.૧૯-૧૦-૨૦૦૬ના રોજ આપેલા

એક સીમાચિહ્નરૂપ ચુકાદામાં એમ જણાવ્યું છે કે કોઈ પણ સંજોગોમાં પંચાયતો અને પાલિકાઓની ચૂંટણીઓ મોકૂફ રાખી શકાય નહિ. પાંચ ન્યાયમૂર્તિઓની બંધારણીય પીઠે તેમના આ ચુકાદામાં જણાવ્યું છે કે, "એ સ્પષ્ટ છે કે રાજ્ય ચૂંટણી પંચ ચૂંટણી સમયસર પૂરી નહિ થઈ શકે એવું ગેરવાજબી કારણ આપીને કોઈ બહાનું આગળ ધરી શકે નહિ. પાંચ વર્ષની મુદત પૂરી થાય તે પહેલાં ચૂંટણી કાર્ય પૂર્ણ કરવા માટે ચૂંટણી પંચ પ્રયત્ન કરશે. મતદાર યાદીઓની સુધારણા સમયસર થવી જોઈએ અને જો તે વાજબી સમયગાળામાં હાથ ન ધરી શકાય તો પ્રવર્તમાન મતદાર યાદીઓને આધારે ચૂંટણી યોજાવી જ જોઈએ."

૨૦૦૫ના કેસ નં. ૫૭૫૬માં સર્વોચ્ચ અદાલતે આ ચુકાદો આપ્યો છે. શ્રી કિસનસિંહ તોમરે આ અરજી કરી હતી. આ અરજી અમદાવાદ મહાનગરપાલિકા અને અન્યો સામે કરાઈ હતી. ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ, ન્યાયમૂર્તિઓ સર્વશ્રી શ્રી કે.જી. બાલાકૃષ્ણન, એસ.એસ. કાપડિયા, સી.કે. ઠક્કર અને પી.કે. બાલાસુબ્રમણ્યનની બેંચે આ ચુકાદો આપ્યો હતો. અમદાવાદ મહાનગરપાલિકાની સાથે પ્રતિવાદી તરીકે ગુજરાત સરકાર અને ગુજરાત રાજ્ય ચૂંટણી પંચ પણ હતાં. ગુજરાતની વડી અદાલતની વિભાગીય પીઠે આપેલા ચુકાદા સામે આ રિટ કરવામાં આવી હતી. બંધારણની કલમ-૨૪૩યુની જોગવાઈના સંદર્ભમાં આ ચુકાદો આપવામાં આવ્યો હતો. આ ચુકાદામાં એમ કહેવામાં આવ્યું છે કે બંધારણીય જોગવાઈઓ એમ દર્શાવે છે કે રાજ્ય ચૂંટણી પંચની સત્તાઓ ચૂંટણીઓ યોજવાના સંદર્ભમાં ભારતના ચૂંટણી પંચ કરતાં સહેજ પણ ઓછી નથી. તમામ ચૂંટણી પર દેખરેખ, નિર્દેશ અને નિયંત્રણની સત્તાઓના સંદર્ભમાં અને મતદાર યાદીઓ તૈયાર કરવાના સંદર્ભમાં અને પંચાયતો અને પાલિકાઓની ચૂંટણીઓ યોજવાને અંગે રાજ્ય ચૂંટણી પંચ જે તે રાજ્ય સરકારથી સ્વતંત્ર છે એમ પણ આ ચુકાદામાં કહેવાયું હતું.

આ ચુકાદામાં વધુમાં એમ પણ જણાવાયું કે રાજ્ય ચૂંટણી પંચનો દરજ્જો સ્વતંત્ર છે, એમ બંધારણની કલમ-૨૪૩ કે (૩) જણાવે છે. એટલે રાજ્ય ચૂંટણી પંચને તેની ફરજો બજાવવા માટે જે સ્ટાફની જરૂર હોય તે મળે તે રાજ્યપાલ જોશે. તેથી જે તે રાજ્ય સરકારની એ જવાબદારી છે કે તે રાજ્ય ચૂંટણી પંચની કામગીરી માટે સંપૂર્ણ સહકાર અને સહાય આપે. અમદાવાદ મહાનગરપાલિકામાં જુન-૨૦૦૫માં બે વોર્ડ ઉમેરવામાં આવ્યા હતા અને વોર્ડની સંખ્યા વધીને ૪૩થી ૪૫ થઈ હતી. અને તેથી રાજ્ય ચૂંટણી પંચ મતદાર યાદીઓ તૈયાર કરી શક્યું નહોતું અને તેથી ચૂંટણી મોકૂફ રાખવાની હિલચાલ થઈ હતી. જો કે, આ ચુકાદો આવ્યો તે પહેલાં જ અમદાવાદ મહાનગરપાલિકાની ચૂંટણી યોજાઈ ગઈ હતી.

## વિકલાંગતા ધારામાં સુધારા માટે કાર્યશાળા

વિકલાંગતા ધરાવતી વ્યક્તિ ધારો ૧૯૯૫માં ઘડાયાને ૧૦ વર્ષ કરતાંય વધુ સમય થયો. આ ધારાના અમલના અનેક અનુભવો રહ્યા છે. કેટલાંક રાજ્યોએ રસ ધરાવતા લોકોને અને સંગઠનોને ચર્ચા-વિચારણ માટે મંચ પૂરો પાડ્યો છે. ગુજરાતમાં જુલાઈ અને નવેમ્બર-૨૦૦૬માં એક દિવસની બે કાર્યશાળાઓ વિકલાંગતા કમિશનર, 'અંધજન મંડળ', 'હેન્ડિકેપ ઈન્ટરનેશનલ' અને 'ઉન્નતિ' દ્વારા યોજવામાં આવી હતી. તેમાં સરકારી અને બિન-સરકારી પ્રતિનિધિઓ ઉપરાંત વિકલાંગ લોકો તથા કાનૂની વ્યવસાયીઓ સહિત ૮૦ સહભાગીઓએ ભાગ લીધો હતો. ધારાના વિવિધ ભાગોમાં સુધારા માટે જે ભલામણો ઊભી થઈ હતી તે નીચે મુજબ છેઃ

૧. વિકલાંગતાની વ્યાખ્યા વ્યાપક બનાવવી, ધારા વિશે જાગૃતિ ઊભી કરવી અને પ્રમાણનની પ્રક્રિયા સરળ બનાવવી.
૨. વિકલાંગતાના પ્રતિરોધ માટેના તંત્રને મજબૂત કરવું.
૩. શિક્ષણઃ દેખરેખની પ્રક્રિયા સુધારવી અને તેનો અમલ કરવો.
૪. રોજગારીઃ જાહેર અને ખાનગી ક્ષેત્રમાં વિકલાંગો માટેની અનામતનો કડક અમલ કરવો. સમયાંતરે તેમને માટેનું કામ નક્કી કરવું, તાલીમ ઉપર ભાર મૂકવો, નાણાકીય ટેકો પૂરો પાડવો.
૫. નાગરિક સમાજને વિકલાંગોના સમાવેશ માટે સંવેદનશીલ બનાવવો.
૬. વિધાયક પગલાંઃ સંગઠનોની નોંધણીનું તંત્ર સુધારવું, વીમા અને કરના લાભની યોજના બનાવવી.

એક કાર્યકારી સમિતિની રચના આ કાર્યશાળાને અંતે થઈ હતી અને તે તેની ભલામણો કેન્દ્ર અને રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગને મોકલી આપશે.

આ કાર્યશાળા 'આઝાદ અસ્તિત્વ' નામે એક ફિલ્મનું વિમોચન કરવામાં આવ્યું હતું. ૨૭ મિનિટની આ ગુજરાતી ફિલ્મનું અવરોધમુક્ત



પર્યાવરણ ઊભું કરવા માટે 'ઉન્નતિ' અને 'હેન્ડિકેપ ઈન્ટરનેશનલ' દ્વારા નિર્માણ કરવામાં આવ્યું છે. અવરોધમુક્ત પર્યાવરણ ઊભું કરવા માટે જાગૃતિ લાવવા અને સમજ વધારવા માટે આ ફિલ્મનું નિર્માણ કરવામાં આવ્યું છે. વરિષ્ઠ નાગરિકો, મહિલાઓ, બાળકો અને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને મોટે ભાગે આ અવરોધો નડતા હોય છે. તેઓ સ્વતંત્ર રીતે આસાનીથી હરીફરી શકતા નથી. આવા અવરોધો વિશે આપણે જાણતા જ હોઈએ છીએ પરંતુ એ કેવી રીતે દૂર કરી શકાય તે વિશે આપણે વિચારતા નથી. આ ફિલ્મ નીચેની બાબતો વિશે કેટલીક વાત કરે છેઃ

૧. અવરોધમુક્ત પર્યાવરણ હોય એ શા માટે મહત્ત્વનું છે?
૨. અવરોધમુક્ત પર્યાવરણથી કોને લાભ થાય?
૩. અવરોધમુક્ત પર્યાવરણ માટે નાગરિકો તરીકે આપણને કયા અધિકારો છે?
૪. નાગરિક સમાજના વિવિધ વર્ગો અવરોધમુક્ત પર્યાવરણ ઊભું કરવામાં શું યોગદાન આપી શકે?

આ ફિલ્મ અંગ્રેજીમાં પણ ઉપલબ્ધ છે. નકલ માટે સંપર્ક સાધો 'ઉન્નતિ'. વધુ વિગત માટે સંપર્ક કરોઃ સુશ્રી અર્ચના શ્રીવાસ્તવ, ઈ-મેલઃ inclusion@hi-india.org , ડૉ. ભૂષણ પૂનાની, ઈ-મેલઃ blinabad@sancharnet.in

## સજ્જતાનો સંગ... લાવે ખેતીમાં રંગ

રાજ્યની કુદરતી સંસાધન વિકાસ ક્ષેત્રે કાર્યરત વિવિધ સ્વૈચ્છિક સંસ્થાના નેટવર્ક તરીકે કાર્યરત સજ્જતા સંઘ દ્વારા ખેત વિકાસની એક રેડિયો શ્રેણીનું નિર્માણ અને પ્રસારણ તા.૨૩ નવેમ્બર - ૨૦૦૬થી શરૂ થયું છે. આ રેડિયો શ્રેણી આકાશવાણી અમદાવાદ - વડોદરા અને રાજકોટ સ્ટેશન ઉપરથી દર ગુરુવારે સાંજે ૮.૧૫ વાગે પ્રસારિત થાય છે. આ રેડિયો કાર્યક્રમની અવધિ ૧૫ મિનિટની છે.

**કાર્યક્રમનો હેતુઃ**

૧. રાજ્યના દુષ્કાળ સંભવિત વિસ્તારમાં રહેતા નાના અને સીમાંત ખેડૂતોને નવીન ખેત પદ્ધતિને વિકસાવવા માટે પ્રોત્સાહિત કરવા.
૨. ખેત વિકાસના સફળ દૃષ્ટાંતોને રજૂ કરવા જેથી ખેડૂતોમાં આંતરિક શિક્ષણ ઊભું થાય. એક ખેડૂતના અનુભવનો બીજા ખેડૂતોને લાભ મળે.

**કાર્યક્રમ કોના માટેઃ**

૧. પ્રાથમિક લક્ષ્યાંક જૂથ - રાજ્યના દુષ્કાળ સંભવિત વિસ્તારમાં વસતા નાના અને સીમાંત ખેડૂતો. રાજ્યના પ્રગતિશીલ ખેડૂતો અને તેમનાં સંગઠનો.
૨. ગૌણ લક્ષ્યાંક જૂથ - ગ્રામ અને ખેત વિકાસ ક્ષેત્રે કાર્યરત સ્વૈચ્છિક સંસ્થાઓ, ગ્રામ અને ખેત વિકાસ બાબતે કાર્યરત સરકારી અધિકારીઓ.

**કાર્યક્રમની વિશેષતાઓઃ**

દરેક કાર્યક્રમના પ્રસારણ બાદ જે તે એપિસોડમાં રજૂ કરવામાં આવેલ માહિતી અને તેનું વિશ્લેષણ શ્રોતાઓને ફોન દ્વારા વિષય નિષ્ણાતો અને સફળ દૃષ્ટાંતો રજૂ કરનાર ખેડૂતો દ્વારા આપવામાં આવે છે. આ રેડિયો શ્રેણીમાં નીચે મુજબના વિષયોને આવરી લેવાયા છેઃ

- રવી પાકો જેવા કે ઘઉં, જીરું, એરંડા અને શાકભાજીના વાવેતરથી લઈને તેની કાપણી સુધીની પ્રક્રિયામાં ધ્યાનમાં રાખવાના મુદ્દા.
- રવી સીઝનમાં ઘઉં, જીરું અને આંતરપાક તરીકે વાવેતર કરતા પાકોમાં કોઈ ખેડૂતોએ કરેલા નવતર પ્રયોગ અને સફળ અખતરા.
- આંતરપાકોનાં લાભ અને મહત્ત્વ.
- મગફળીમાં આવતી ફુગ અને જીવાત ઉપર નિયંત્રણ.
- રવી સીઝનમાં જળ વ્યવસ્થાપનનું મહત્ત્વ અને તેના સફળ પ્રયોગો.
- ટપક સિંચાઈ વ્યવસ્થા અને ફુવારા પદ્ધતિના ફાયદા અને તેના સફળ પ્રયોગો.
- ઉનાળુ પાકમાં ધ્યાનમાં રાખવાના મુદ્દા.
- ક્ષારવાળા વિસ્તારો (ખારાશયુક્ત જમીન)માં ખેતી અંગે ધ્યાનમાં રાખવાના મુદ્દા અને સફળ પ્રયોગો.
- જંતુનાશક દવાઓનો ઉપયોગ અને તેના નિર્માણ અને ઉપયોગના સરળ ઉપાયો.
- બાગાયતી પાકો અને તેનું વાવેતર.
- નવા બિયારણ અને ખેત વિકાસ.
- આધુનિક ખેતી અને ખેત વિકાસ.
- પાક ફેરબદલી અને તેના સફળ પ્રયોગો.
- વર્મી કમ્પોસ્ટ બનાવવાની સફળ પદ્ધતિ અને સફળ પ્રયોગ.

## રાષ્ટ્રીય ગ્રામીણ ગૃહનિર્માણ અને આવાસ નીતિ ૨૦૦૬: કાર્યશાળા અહેવાલ

તા.૧ લી ડિસેમ્બર ૨૦૦૬ના રોજ અમદાવાદ ખાતે રાષ્ટ્રીય ગ્રામીણ ગૃહનિર્માણ આવાસ નીતિ ઉપર સ્વૈચ્છિક સંસ્થાઓ, ગામ-તાલુકા-જિલ્લા પંચાયતના પ્રતિનિધિઓ, સરકારી અધિકારીઓ અને વિષય નિષ્ણાતો સાથે એક બેઠક યોજવામાં આવી હતી. 'ઉન્નતિ' સંસ્થા બેઝિન-નેટવર્કનો ભાગ હોઈ ગુજરાત ખાતે આ બેઠકનું આયોજન 'ઉન્નતિ' સંસ્થા દ્વારા કરવામાં આવ્યું હતું. તેમાં બેઝિન-ઈન્ટરનેશનલની સાથી સંસ્થાઓ દ્વારા સંયુક્તરૂપે તૈયાર કરવામાં આવેલો મુસદ્દો ચર્ચા માટે મૂકવામાં આવ્યો હતો. તેની ઉપર હાજર પ્રતિનિધિઓએ પોતાના

અનુભવ આધારિત સલાહ-સૂચનો આપી મુસદ્દાની છણાવટ કરી હતી.

સામાજિક અને આર્થિક રીતે નબળા સમુદાયોને અગ્રીમતાના ધોરણે આવાસ પ્રાપ્ત થાય કે જેથી તેઓ સન્માનપૂર્વક જીવન જીવી શકે, તે જોવાની આપણા સૌની ફરજ છે. સાથે સાથે કલ્યાણકારી યોજનાના અનુસંધાને એમનો એ અધિકાર પણ છે. નબળા વર્ગો સુધી આવાસ યોજનાઓ પહોંચે તે માટેના કાર્યક્રમ અમલમાં છે. પરંતુ એક યા બીજાં કારણોસર એનાં ફળ છેલ્લા માણસ સુધી પહોંચતાં નથી. ગરીબને ઘર હાથવગુ કરવામાં "પૈસા આપી દો એ ઘર બાંધી લેશે". એવી નીતિને કારણે આ લક્ષ્ય પ્રાપ્ત થતું નથી. ઊલટાનું, લાંચરૂશ્વત અને ખોટી પદ્ધતિઓનું પ્રમાણ બહુ વધી ગયું છે. આવાસ સરળતાથી પ્રાપ્ત થાય તે માટે એની સાથે સંકળાયેલા અન્ય સવાલોને પણ ઓળખવાની તથા તેના ઉકેલની દિશામાં કામ કરવાની જરૂર જણાય છે. આ માટે આ મુખ્ય સવાલો ઉપર ધ્યાન આપવું રહ્યું: (૧) ઘર બાંધવા માટે અનુકૂળ અને પૂરતી જમીનની ફાળવણી. (૨) સમયસર અને વાજબી દરે ઘર બાંધકામ માટે લોન અને સહાય. (૩) કાનૂની માળખું - નીતિ નિયમોમાં ફેરફારો અને એકરૂપતા. (૪) ગ્રામ સ્તરે જરૂરી માળખાકીય સુવિધાઓ ઊભી કરવી. (૫) આવાસ દ્વારા રોજગારીની પ્રાપ્તિ / સંકલનનો અભાવ. (૬) યોજનાઓની જાણકારી લોકો સુધી પહોંચે તથા તેનું યોગ્ય રીતે નિયમન થાય તે પ્રક્રિયા / પદ્ધતિને પ્રોત્સાહન.

૧૯૯૮માં એક રાષ્ટ્રીય નીતિનું ઘડતર કરવામાં આવેલું પણ એ ઘણી વ્યાપક હતી. તેમાં ગ્રામીણ વિસ્તારની વિશિષ્ટ બાબતો અને તેમની જરૂરિયાતો ઉપર ધ્યાન કેન્દ્રિત ન થયું હોવાને લીધે તે યોગ્ય માર્ગદર્શન આપી શકી નહોતી.

આ અનુસંધાને આ પ્રશ્ને સઘન સંશોધન કરવામાં આવ્યું અને દેશભરમાં આ કાર્ય સાથે જોડાયેલા લોકો અને નીતિ નિર્માતાઓ સાથે સઘન વિચાર-વિમર્શ કરવામાં આવ્યો. તેથી ગ્રામીણ પરિસ્થિતિઓ, તેમની જરૂરિયાતો અને ગ્રામ વિસ્તારમાં મોટા પાયા પર આવાસના વિકાસ અને જીવનનિર્વાહની સંભાવનાઓને સમજી શકાય. આ પ્રક્રિયાને પરિણામે 'બેસીન દક્ષિણ એશિયા ક્ષેત્રીય જ્ઞાનમંચ' એ ભારતની ગ્રામીણ આવાસ નીતિનો એક મુસદ્દો તૈયાર કરવાની પહેલ કરી. લોકમત મેળવવાના હેતુથી દેશમાં કુલ ૧૬ રાજ્યોમાં રાજ્ય સ્તરીય પરિસંવાદ હાથ ધરવામાં આવ્યા. તા. ૧લી ડિસેમ્બર ૨૦૦૬ના રોજ ગુજરાત રાજ્યને ધ્યાનમાં લઈ એક પરિસંવાદ યોજવામાં આવેલો કે જેમાં ૭૫ વ્યક્તિઓ સહભાગી થયેલાં તે આ પ્રકારનો ૯મો રાજ્ય કક્ષાનો પરિસંવાદ હતો. વિવિધ રાજ્યોમાંથી લોક પ્રતિનિધિઓ દ્વારા સૂચવવામાં આવેલાં રચનાત્મક સૂચનો-મંતવ્યોનો સમાવેશ કરી તેને સૂચનરૂપે ગ્રામીણ વિકાસ મંત્રાલયને સુપરત કરવામાં આવશે. ગ્રામીણ વિકાસ મંત્રાલય પણ આ દિશામાં કાર્યરત છે. અને તેઓએ આ અંગે એક ખાસ સમિતિની રચના પણ કરેલી છે. વિવિધ પ્રક્રિયા અને પરિણામોથી તેમને માહિતગાર કરવામાં આવી રહ્યા છે.

ગુજરાતના અનુસંધાને વાત કરીએ તો હાલ આઠેક પ્રકારની વિવિધ યોજનાઓ અમલમાં છે. તેના દ્વારા અંદાજિત એંશી હજારથી એક લાખ જેટલા આવાસોનું નિર્માણ ગ્રામ વિસ્તારોમાં થઈ રહ્યું છે. તેમ છતાં લાયક વર્ગ સુધી આ સુવિધા પહોંચતી નથી તેવી ફરિયાદ જોવા મળે છે. અને માંગમાં કશો ઘટાડો જણાતો નથી. તેથી આ અંગેની અડચણોને ઓળખવી ખૂબ જરૂરી લાગ્યું હતું.

હાજર પ્રતિનિધિઓએ જે મુખ્ય સમસ્યાઓ ઉપર ધ્યાન દોર્યું તથા સૂચનો કર્યાં તે પૈકી કેટલાક નમૂનારૂપ મુદ્દાઓ નીચે મુજબ રહ્યા હતાઃ

(૧) ગરીબ વર્ગ માટે ઘર બાંધવાની જમીન સુલભ કરાવવા ઝડપી પગલાં ભરવાં જરૂરી છે. જો આપણે એમને માલિકીપણું નહીં આપીએ તો તેઓ મને-કમને દબાણકાર બનશે. તેથી જમીનનું રેગ્યુલરાઈઝેશન ઝડપથી હાથ ધરાવું જોઈએ. ઉદ્યોગો માટે જમીન સંપાદનના નિયમો અને ખાતરીઓ જે રીતે અપાય છે. તે જોતાં કાયદા કાનૂનમાં સુધારા-વધારા લાવી આ સેવા ઝડપી બનાવવી જોઈએ. જો જમીન ન હોય તો કઈ રીતે ગામતળ વધારી શકાય તે જોવું જોઈએ.

(૨) નબળા વર્ગો માટે મકાન સહાય ખૂબ ઓછી છે. તેમાં ફેરફાર કરી રકમ વધારવી જોઈએ. હપતાની ચુકવણીમાં સરળતા લાવવી જોઈએ. ખૂબ અટપટી મંજૂરી પ્રક્રિયાને કારણે અમલદારશાહી વધતી જાય છે. ભ્રષ્ટાચારને અંકુશમાં લાવી શકાય તેવી પદ્ધતિઓનો અમલ કરવો જોઈએ.

(૩) આવાસ નિર્માણ પ્રક્રિયાને માત્ર ઘર બાંધકામ તરીકે નહીં પણ એક 'વસાહત નિર્માણ પ્રક્રિયા' તરીકે જોવું જોઈએ. તેમાં એક વસાહત માટે જરૂરી તમામ સુવિધાઓ પૂરી પાડવી જોઈએ. આમ થવાથી મકાન બાંધકામ પ્રક્રિયા વિકાસ પ્રક્રિયાનો ભાગ બની શકે છે.

(૪) રાજ્ય સરકારે આ યોજનાઓને માત્ર કલ્યાણના દૃષ્ટિબિંદુથી ન જોતાં અધિકારના પરિપ્રેક્ષ્યમાં આખીય વાતને સમજવી અને સ્વીકારવી જોઈએ. માહિતીના અધિકારના ઉપયોગથી લોકો દ્વારા જ એનું નિયમન થાય તે ઉપર વિશેષ ભાર અપાવો જોઈએ. લોકો સુધી સરળ રીતે તમામ કક્ષાની માહિતી

પહોંચાડવી જોઈએ.

(૫) ગ્રામ પંચાયતને સક્ષમ બનાવી તેના માધ્યમ દ્વારા જ ગામોનો વિકાસ પ્લાન તૈયાર થવો જોઈએ. અને એમાં પંચાયતોની સામેલગીરી થકી ગામની આવાસ નિર્માણ યોજનાનું આયોજન થવું જોઈએ. ધિરાણ કરનારી સંસ્થાઓ પંચાયતોને વિકાસ કાર્યો માટે લોન આપે તેવી વ્યવસ્થા થાય તથા રાજ્ય સરકાર તેને ભરપાઈ કરવાની જવાબદારી સ્વીકારે તે જોવું જોઈએ.

(૬) ઓછા ખર્ચે, પર્યાવરણલક્ષી ટેક્નોલોજીનો ઉપયોગ આવાસ પ્રક્રિયાને પ્રોત્સાહન આપે તેવી પદ્ધતિઓ શોધવી પડશે. તેનું નિદર્શન કરતા રહેવું પડશે. તથા બાંધકામ કારીગરોનું સતત શિક્ષણ કરતાં રહેવું પડશે. તદુપરાંત પર્યાવરણ ઉપર જોખમ ન વધારે પણ ઝડપી બાંધકામ કરી શકે તેવી ટેક્નોલોજીને પ્રોત્સાહન આપવું જોઈએ. ખાનગી ઉદ્યોગો તથા જાહેર સાહસોને આમાં કેટલીક સાવધાની અને પૂર્વશરત સાથે જોડી શકાય.

(૭) ધિરાણ આપતી બેંકો સંસ્થાઓએ એ ધ્યાનમાં રાખવું પડશે કે તેઓ વિકાસ પ્રક્રિયાને પ્રોત્સાહન આપી રહ્યા છે. ઘર તો એક સાધન છે. તેથી માત્ર રિકવરી કે વસૂલાતની ક્ષમતાને જ મુખ્ય માપદંડ ન બનાવવો જોઈએ. આ એક સામાજિક જવાબદારી છે. તથા તેમના ધિરાણના લાંબા ગાળાના અનુભવોને રચનાત્મક અભિગમ સાથે જોડે તે જરૂરી છે. જેથી આખીય વ્યવસ્થા અને ઓછી ખર્ચાળ મેનેજેબલ કરી શકાય.

આ સિવાય ઘણાં સૂચનો યોજનાઓને વ્યવહારિક સ્વરૂપ આપવા તથા સંસ્થાઓ/સરકાર અને નિષ્ણાતોની ભૂમિકાને લગતાં પણ હતાં. એકંદરે લોકોની આ પ્રશ્ન અંગે સૂઝ-સમજ-વિટંબણાઓ બહાર લાવી શકાઈ અને સાથે સાથે નીતિગત બાબતો અંગે પ્રતિભાવો આપી શકાયા.

વધુ માહિતી માટે સંપર્કઃ સુશ્રી મોના છાબરા-પ્રતિનિધિ, ડેવલપમેન્ટ ઓલ્ટરનેટિવ, નવી દિલ્લી, ઈ-મેલઃ basin@devalt.org તથા ઉન્નતિ.

## સ્વૈચ્છિક સંસ્થાઓની માન્યતા માટે આમંત્રણ

**લોક વિકાસ અને સ્વૈચ્છિક સંસ્થાઃ**

સમાજનો વિકાસ હોય કે વિકાસ પ્રક્રિયાના લાભોને સમાજના નબળા વર્ગો સુધી પહોંચાડવાના હોય, લોકશાહીને વધુ દૃઢ બનાવવા, સામાજિક ન્યાય અને સમાનતાને પ્રસ્થાપિત કરવા માટે બિન-સરકારી સંસ્થા કે સ્વૈચ્છિક સંસ્થા મહત્ત્વની ભૂમિકા ભજવે છે. વિવિધ ક્ષેત્રોમાં આગવી પહેલ અને પ્રયોગો કરીને સ્વૈચ્છિક સંસ્થાઓએ ગરીબાઈ ઘટાડવા અને વંચિતોને સમાનતા ભણી દોરી જવા માટે નોંધનીય કાર્યવાહી કરી છે, જેના પરિણામે સમાજ વિકાસના વિવિધ મોડેલ અને નવીન વ્યૂહરચનાઓ પણ સમાજ તથા સરકારને મળી છે.

**સ્વૈચ્છિક સંસ્થા અને માન્યતાની આવશ્યકતાઃ**

સમાજ અને રાષ્ટ્ર વિકાસમાં પોતાનું નોંધનીય પ્રદાન આપનાર સ્વૈચ્છિક સંસ્થઆઓ માટે હાલમાં વિશ્વસનીય અને આધારભૂત રેટિંગ (મૂલ્યાંકન) પદ્ધતિ નથી કે જેના દ્વારા સારી અને પ્રમાણિક સંસ્થાઓને તારવી શકાય અને શંકાસ્પદ સંસ્થાઓને દૂર રાખી શકાય. આ કારણે ક્યારેક સારું કાર્ય કરતી સંસ્થાઓને પણ શંકાસ્પદ સંસ્થાઓની જેવી ગણીને સમાજનાં કેટલાક વાંકદેખા તત્ત્વોને સ્વૈચ્છિક સંસ્થાઓને વગોવવાનો મોકો મળી રહે છે. આ ઉપરાંત સારું કાર્ય કરતી સંસ્થાઓને નાણાકીય સહાય કરતી ફંડિંગ એજન્સીઓ પણ મૂંઝવણ અનુભવતી હોય છે કે કઈ સંસ્થા તેમના નાણાંનો વધુ અસરકારક ઉપયોગ કરશે અને કઈ સંસ્થા નાણાંનો અયોગ્ય શંકાસ્પદ ઉપયોગ કરશે. તેના કારણે વિકાસ કાર્યો ઉપર નકારાત્મક અસરો પડે છે. ગુજરાત અને આંધ્ર પ્રદેશની રાજ્ય સરકારે સારી સ્વૈચ્છિક સંસ્થાઓને પસંદ કરવાની પદ્ધતિ નિર્માણ કરી હતી, પરંતુ એ કાર્યશૈલી કામયાબ થઈ શકી નહીં, કારણ કે સરકારી તંત્ર પર બળુકા લોકો તરફથી દબાણ આવતું હોય છે.

**સ્વૈચ્છિક સંસ્થાને માન્યતા માટેની પહેલઃ**

આ સ્થિતિમાંથી નીકળવાનો એક માર્ગ છે કે સ્વૈચ્છિક સંસ્થાઓનું પણ સ્વતંત્ર એજન્સી દ્વારા મૂલ્યાંકન થાય કે જેના કારણે સરકાર અને ફંડિંગ એજન્સીઓને અસરકારક સ્વૈચ્છિક સંસ્થાની પસંદગી કરવા માટે સરળતા રહે. આ કારણસર એવી સર્વસ્વીકૃત, સમર્થ અને સ્વતંત્ર વ્યવસ્થાની જરૂર જણાય છે, જે સંસ્થાઓને માન્યતા આપવાની કામગીરીને સંભાળે અને તે સરકાર તથા દાતા સંસ્થા માટે સ્વીકૃત થાય. સ્વૈચ્છિક સંસ્થાઓની માન્યતા (રેટિંગ) બાબતે એક સેમિનારનું આયોજન સજ્જતા સંઘ દ્વારા ૨૨, એપ્રિલ-૨૦૦૬ના રોજ ડેવલપમેન્ટ સપોર્ટ સેન્ટર (ડી.એસ.સી.) ખાતે યોજવામાં આવ્યું હતું. આ સેમિનારમાં આયોજન પંચ, કેન્દ્ર અને રાજ્ય સરકારના ઉચ્ચ અધિકારીઓ સહિત વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓના વડાઓએ હાજર રહીને વિચારણા કરી હતી. પરિણામરૂપે સ્વૈચ્છિક સંસ્થાઓનું સ્વતંત્ર એજન્સી દ્વારા રેટિંગ થાય તે બાબતનો સ્વીકાર થયો હતો.

**કુદરતી સંસાધનોના વિકાસની સાથે સંકળાયેલી સંસ્થાઓને માન્યતા (એક્રેડિટેશન) માટે આમંત્રણઃ**

સજ્જતા સંઘે રાજ્યમાં સ્વૈચ્છિક સંસ્થાઓના રેટિંગની પ્રક્રિયાને આગળ ધપાવવા માટેની પહેલ કરી છે. આ પહેલના ભાગરૂપે

'સજ્જતા સંઘ' રાજ્યની કુદરતી સંસાધનના વિકાસ ક્ષેત્રે કાર્યરત વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ પાસેથી રેટિંગ કરાવવા અંગેની અરજી મંગાવી રહ્યું છે.

રાજ્યમાં પાણી, જમીન, જંગલ અને પશુપાલનના ક્ષેત્રે કાર્ય કરતી વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓને એક્રેડિટેશન માટે આમંત્રણ છે. આ પ્રક્રિયા વ્યાવસાયિક સ્તરે કરાવવામાં આવશે. તેમાં રાષ્ટ્રીય કક્ષાની પ્રતિષ્ઠિત ઈન્સ્ટિટ્યૂટ એફ રૂરલ મેનેજમેન્ટ, આણંદ (ઈરમા)ના બે તજ્જ્ઞો અને સજ્જતા સંઘના એક પ્રતિનિધિ રેટિંગ આપવાની પ્રક્રિયા સાથે સંકળાયેલા હશે.

**રેટિંગ કરાવવાના ફાયદાઃ**

૧. સંસ્થાના રેટિંગથી સમાજ, સરકાર અને ફંડિંગ એજન્સીમાં સંસ્થા પ્રત્યે વિશ્વસનીયતા વધશે.
૨. રેટિંગ કરાવવાથી સંસ્થા પાસે ફંડિંગ મેળવવાના વિકલ્પો વધશે.
૩. રેટિંગથી જે તે સંસ્થાને પોતાના વ્યવસ્થાપન અને સંચાલનની ક્ષમતા તેમ જ નબળાઈનો પરિચય થશે.

રેટિંગ કરાવવા માટે ઈચ્છતી સ્વૈચ્છિક સંસ્થાઓએ સાદા કાગળ ઉપર અરજી કરવાની રહેશે. આ અરજીની સાથે સંસ્થાએ નીચે પ્રમાણેના દસ્તાવેજોની નકલ મોકલાવી રહેશેઃ

૧. સંસ્થાની નોંધણીનું પ્રમાણપત્ર
૨. છેલ્લાં પૂરાં થતાં ત્રણ વર્ષના વાર્ષિક અહેવાલ.
૩. ગવર્નિંગ બોર્ડના સભ્યોની યાદી અને તેના અનુભવ વગેરેની માહિતી.

**રેટિંગ કેવી રીતે થશેઃ**

સજ્જતા સંઘ રેટિંગ કરાવવા ઈચ્છતી સંસ્થાના વિવિધ દસ્તાવેજોનું મૂલ્યાંકન કરીને તેને નક્કી કરેલા માપદંડ પ્રમાણે વર્ગીકૃત કરાશે. આ માપદંડોનું વર્ગીકરણ આ પ્રમાણે હશે.

| ક્રમ | ગુણની શ્રેણી (ટકાવારીમાં) | સૂચિત ગ્રેડ | ગ્રેડનું અર્થઘટન |
|---|---|---|---|
| ૧. | ૬૦ ટકાથી વધુ | એ | જે સંસ્થાઓ તેના સંચાલન અને પારદર્શકતાના સંતોષકારક ધોરણો ધરાવતી હોય તેનો સમાવેશ એ ગ્રેડની સંસ્થાના વર્ગીકરણમાં થશે. |
| ૨. | ૫૦થી ૬૦ ટકાથી વચ્ચે | બી | જે સંસ્થાના ઈચ્છિત ધોરણોથી થોડી નીચા ગ્રેડ ઉપર હોય અને કાર્યક્રમના આયોજનની ક્ષમતા અંગેના અપેક્ષિત ધોરણો ધરાવતી હોય તો ભાવિમાં તેના અંગે ફેરવિચારણા થઈ શકે. |
| ૩. | ૫૦ ટકાથી ઓછા | સી | સંચાલન અને પારદર્શકતાનાં સંતોષકારક ધોરણો ન હોય તેવી સંસ્થાઓ. |

નીચા ગ્રેડ હેઠળ વર્ગીકૃત થયેલ સંસ્થાનું જરૂરી વિશ્લેષણ કરીને તેને સજ્જ કરવાના ક્ષમતાવર્ધનના પ્રયાસો સજ્જતા સંઘ અને અન્ય નેટવર્ક દ્વારા હાથ ધરાશે.

અરજી મોકલવાનું સ્થળઃ સજ્જતા સંઘ, ડેવલપમેન્ટ સપોર્ટ સેન્ટર મારુ તિનંદન વિલા, ગર્વમેન્ટ ટ્યૂબવેલની પાસે, બોપલ, અમદાવાદ ૩૮૧૦ ૦૫૮. ફોન નં. ૦૨૭૧૭-૨૩૫૯૯૪, ૨૩૫૯૯૫, ૨૩૫૯૯૭, ફેક્સ નં.૨૩૫૯૯૭

# આગામી કાર્યક્રમ

## રોજી–રોટી લોકઝુંબેશ

રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી ધારાએ લોકોના અન્ન અધિકાર અને કામના અધિકારને ફરી બળવત્તર બનાવ્યો છે. છેલ્લા એક વર્ષથી 'આનંદી', 'દેવગઢ મહિલા સંગઠન' અને 'પાનમ મહિલા સંગઠન' પંચમહાલ જિલ્લાના રાહેરા, ઘોઘંબા અને કાલોલ તાલુકામાં અને દાહોદ જિલ્લાના દેવગઢ બારિયા તાલુકામાં ક્ષમતાવર્ધનનું કામ આ ક્ષેત્રે કરે છે. આ સંદર્ભમાં ફેબ્રુઆરી-૨૦૦૭માં ૧૫ દિવસ માટે રોજી-રોટી લોકઝુંબેશ અંતર્ગત એક પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ નિમિત્તે તાલુકા સ્તરનું અધિવેશન ૦૮-૦૨-૦૭ના રોજ દેવગઢ બારિયા મુકામે યોજાશે. પંચમહાલમાં ગોધરા ખાતે જિલ્લા સ્તરનું અધિવેશન ૦૯-૦૨૦૭ દરમ્યાન યોજવામાં આવશે.

આ પદયાત્રા દરમ્યાન નીચે મુજબની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશેઃ

(૧) ચોપાનિયાં, ભીંતચિત્રો, બેનર, ભીંત પરનું લખાણ, દૃશ્યશ્રાવ્ય સામગ્રી વગેરે દ્વારા રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી ધારા વિશે જાગૃતિ ફેલાવાશે.

(૨) નોંધણી માટે અરજી, કામની માગણી, જોબ કાર્ડ મેળવવું, ન ચુકવાયેલા વેતનની માગણી વગેરે.
(૩) ગ્રામ સભા.
(૪) બાળકોના અન્ન અધિકાર વિશે ઝુંબેશ.
(૫) ગ્રામ સ્તરીય તકેદારી સમિતિની નિમણૂક કરવી અને કામ ઉપર દેખરેખ રાખવી.
(૬) લોકોની આરોગ્ય યોજના બનાવવા માટે આરોગ્યની જરૂરિયાતો તપાસવી.
(૭) ગ્રામ સભામાં ગામની યોજના ગરીબોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવી.
(૮) જે કામ કરવામાં આવે તેનું સામાજિક અન્વેષણ હાથ ધરવું.
(૯) અન્ન સલામતીની યોજનાઓ અંગે માહિતી અધિકાર ધારા હેઠળ જાહેરાતો.
(૧૦) ગરીબીની રેખા હેઠળ જીવતાં પરિવારોની યાદી જાહેર કરવી, જો માહિતી અપર્યાપ્ત હોય તો અરજી કરવી.
(૧૧) તમામ નવી અસ્કામતો વિશેની માહિતી દર્શાવવી.

માહિતી માટે ગુજરાત સરકારના ગ્રામ વિકાસ વિભાગનો સંપર્ક સાધવામાં આવ્યો છે. જે અધિવેશનો યોજવામાં આવ્યાં છે તેમાં સમુદાયના પ્રતિનિધિઓ, પંચાયત સભ્યો, અમલદારો, સંશોધકો, વિદ્વદ્‌જનો, પત્રકારો વગેરે હાજર રહેશે.
સંપર્કઃ ઈ-મેલઃ anandi20@hotmail.com ફોનઃ ૦૨૬૭૮-૨૨૦૨૨૬, ૨૨૧૦૯૭.

## શિક્ષણ, જીવનનિર્વાહ અને કોમવાદ અંગે સંમેલન

૧૯થી ૨૧ ફેબ્રુઆરી, ૨૦૦૭ દરમ્યાન અમદાવાદમાં એક સંમેલનનું આયોજન થઈ રહ્યું છે. તેનો વિષય છેઃ "વૈશ્વિકીકરણના યુગમાં શિક્ષણ અને જીવનનિર્વાહ અને કોમવાદી ફાસીવાદ." એનું આયોજન 'નેશનલ એલાયન્ઝ ફોર રાઈટ ટુ એજ્યુકેશન એન્ડ ઈક્વીટી' (નાફ્રે) દ્વારા કરવામાં આવી રહ્યું છે. આ જોડાણ શિક્ષણમાં સમતા અને કામના અધિકાર જેવા બે મહત્ત્વના પ્રશ્નો બાબતે લોક આંદોલન ઊભું કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. તે દરેક બાળકને શિક્ષણની સમાન તક મળે અને જીવનનિર્વાહનો અધિકાર મૂળભૂત અધિકાર બને તે માટે કામ કરે છે.

આ અધિવેશનમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે હાલ જે રાજકીય પરિસ્થિતિ પ્રવર્તે છે તેની સમીક્ષા કરવામાં આવશે. શિક્ષણના અધિકારને મૂળભૂત અધિકાર બનાવવા ખેલાયેલી લડતની પણ આ સંમેલનમાં સમીક્ષા કરવામાં આવશે. તેમાં એલાયન્ઝના માળખા વિશે ચર્ચા થશે અને આંદોલનને મજબૂત બનાવવાનાં પાસાં વિશે ચર્ચા થશે.
સંપર્કઃ શ્રી કરણ ત્યાગી, રાષ્ટ્રીય સંયોજક, એલ-૧૬-એ, ભોંયરું, કાલકાજી, નવી દિલ્લી - ૧૧૦૦૧૯. ફોનઃ ૦૧૧-૪૧૬૦૦૪૩૪-૩૫-૩૭-૩૯. ફેક્સઃ ૦૧૧-૪૧૬૦૦૪૩૮. ઈમેલઃ nafredel@rediffmail.com વેબસાઈટઃ www.nafreindia.org

## પૃષ્ઠ ૧૮નું શેષ

૫. આ સેવાઓ કે કાર્યક્રમો દ્વારા પૂરી પાડવામાં આવતી રોજગારીની તરાહનું વિશ્લેષણ. મહિલાઓની ભરતી વધી શકે તેવો અવકાશ તપાસવો.
૬. મહિલાઓની ભાગીદારી વધે તે માટેના વિશેષ પ્રયાસો.

મુખ્ય પ્રવાહનાં આ ક્ષેત્રોમાં મહિલાકેન્દ્રી પ્રયાસોનાં કેટલાંક ઉદાહરણો નીચે મુજબ હોઈ શકેઃ
૧. મહિલા સાહસિકો, વિધવાઓ, મહિલાઓના વડપણ હેઠળના પરિવારો વગેરેને વીજળીનું જોડાણ આપવું.
૨. ઔદ્યોગિક પરવાના, વ્યાપારી પ્લોટ, પેટ્રોલ પમ્પ અને ગેસ સ્ટેશનો વગેરેની ફાળવણીમાં મહિલાઓ અને મહિલાઓની સહકારી મંડળીઓ કે સ્વસહાય જૂથો વગેરેને પ્રાથમિક્તા.
૩. નિકાસ પ્રોત્સાહન યોજનાઓમાં મહિલાઓ માટે ભંડોળની ફાળવણી.
૪. જે ઔદ્યોગિક એકમોમાં મહિલાઓનું પ્રમાણ વધારે હોય તેમને કરવેરામાં પ્રોત્સાહનો.
૫. ખાસ કરીને અસંગઠિત ક્ષેત્રમાં મહિલાઓ માટે આરોગ્ય વીમા યોજનાઓ દાખલ કરવાને પ્રોત્સાહન.
૬. સસ્તા અનાજની દુકાનો, પીસીઓ, સાયબર કાફે વગેરેની મહિલાઓને ફાળવણી.
૭. મહિલાઓને લોન પર વ્યાજ દરમાં રાહત.

૨૦૦૦-૦૧થી મહિલાલક્ષી અંદાજપત્રની પ્રક્રિયાને જોતાં એમ જણાય છે કે જે અભિગમ છે તે મહિલાઓની જાગૃતિ વધારવાનો છે. ભારતમાં પિતૃસત્તાક વ્યવસ્થાનું ચલણ ભારે હોવાને લીધે દરેક ક્ષેત્રમાં સ્ત્રી-પુરુષ અસમાનતા ભારોભાર છે. તે મહિલાઓના એકંદર વિકાસ ઉપર વિપરીત અસર પાડે છે. મહિલાલક્ષી અંદાજપત્રના સંદર્ભમાં થોડીક સંવેદનશીલતા દેશમાં ઊભી થાય તો મહિલાઓના સશક્તિકરણની બાબતમાં દેશ ક્યાં જઈ રહ્યો છે તેની ખબર પડે અને કઈ બાબતો પર ભાર મુકાવો જોઈએ તેની પણ ખબર પડે.

છેલ્લા ત્રણ માસ દરમ્યાન 'ઉન્નતિ' દ્વારા નીચે મુજબની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી:

## ૧. સામાજિક સમાવેશ અને સક્ષમતા

### દલિત અધિકારો

પશ્ચિમ રાજસ્થાનમાં જોધપુર, બાડમેર અને જેસલમેર એમ ત્રણ જિલ્લામાં ૧૨ દલિત સંસાધન કેન્દ્રો દ્વારા જે 'દલિત અધિકાર અભિયાન' ચલાવાય છે તેની વ્યૂહરચના સ્થાનિક સ્તરે નેતૃત્વને પ્રોત્સાહન આપવા માટે સુધારાઈ છે. દરેક તાલુકામાં તમામ સંગઠનોના પ્રતિનિધિઓની બનેલી એક કેન્દ્રીય સંચાલન સમિતિની રચના કરવામાં આવી છે. શ્રી ગણપતલાલ મેહરા (આઈડીઈએ) તે સમિતિના અધ્યક્ષ છે અને અન્ય કામગીરીઓ માટે વિવિધ પેટા સમિતિઓની રચના કરવામાં આવી છે. છેલ્લા ત્રણ માસ દરમ્યાન જાહેર સ્થળોએ ભેદભાવના બે કિસ્સામાં, અત્યાચારોના ચાર કિસ્સા (કે જેમાં બે કિસ્સા મહિલાઓ પરની હિંસાના હતા)માં અને જમીન પરના દબાણના છ કિસ્સામાં ટેકો પૂરો પડાયો છે. રાજસ્થાન સરકારના પ્રયાસ જયપુરના 'રાજસ્થાન મિશન ઓન લાઈવલીહૂડ' સાથેના સહયોગમાં પશ્ચિમ રાજસ્થાનમાં દલિતોના જીવનનિર્વાહની તરાહમાં આવતા ફેરફારો વિશે એક અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. દલિતોને પાણી મળે તે માટે સૂક્ષ્મ સ્તરીય આયોજન વિશે એક કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું અને તે પછી ૪ ગામોમાં સૂક્ષ્મ સ્તરીય આયોજનની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. 'અછત રાહત કાર્ય માટે હિમાયતની ફાળવણીની પ્રક્રિયા સમજવા માટે અને તેના ઉપર પ્રભાવ પાડવા માટેની વ્યૂહરચના ઘડવા માટે કરવામાં આવ્યું હતું. બાડમેરમાં અમારાં સહભાગી સંગઠનોના સહયોગમાં પૂર રાહત કાર્યક્રમ બાદ ૨૦૧ પરિવારો માટે કાયમી આવાસોના બાંધકામ માટેની પ્રક્રિયા ચલાવવામાં આવી રહી છે.

### મુખ્ય પ્રવાહમાં મહિલાઓ

વિકાસના ક્ષેત્રમાં મહિલાઓ પ્રત્યે પ્રતિભાવાત્મક બજેટ એક નવા ક્ષેત્ર તરીકે વિકસી રહ્યું છે અને તેથી 'સ્વિસ ડેવલપમેન્ટ કોર્પોરેશન'ના સહયોગમાં આ કાર્યશાળાનું આયોજન અમારી આંતરિક ક્ષમતા વધારવા માટે કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળામાં એસ.ડી.સી.એચ.ઓ.નાં સલાહકાર સુશ્રી વેરોનિક હલમાન દ્વારા માર્ગદર્શન અપાયું હતું. તેમાં સરકાર, બિન-સરકારી સંગઠનો અને આંતરરાષ્ટ્રીય બિન-સરકારી સંગઠનોના ૨૫ પ્રતિનિધિ હાજર રહ્યા હતા. આ કાર્યશાળા દરમ્યાન એવું સૂચન કરાયું હતું કે બિન-સરકારી સંગઠનો અને સરકારના પ્રતિનિધિઓ વચ્ચે સમજ ઊભી થાય તે માટે નિયમિતપણે આવી બેઠકો યોજવી જોઈએ.

### વિકલાંગતા

'હેન્ડિકેપ ઈન્ટરનેશનલ' અને સામર્થ્ય (નવી દિલ્લી) સાથેના સહયોગમાં અમદાવાદ અને દિલ્લીના ૨૦ સહભાગીઓ માટે અવરોધમુક્ત પર્યાવરણ ઊભું કરવાનાં તકનિકી પાસાં વિશે ત્રણ દિવસની એક તાલીમ યોજવામાં આવી હતી. તેમાં સ્થપતિઓ, આયોજકો, ડિઝાઈનરો અને સિવિલ ઈજનેરોએ પણ ભાગ લીધો હતો. અમદાવાદમાં યોજાયેલી ગ્રામીણ આવાસ વિશેની રાજ્ય સ્તરીય કાર્યશાળામાં ગ્રામીણ આવાસનાં વિવિધ પાસાંમાં પહોંચનાં લક્ષણો આમેજ કરવા વિશે જરૂરી વિગતો પૂરી પાડવામાં આવી હતી.

### આપત્તિના સામનાની તૈયારી

કચ્છમાં બનિયારી અને ભુજપુર ગામોમાં આપત્તિના સામનાની સમુદાય-આધારિત તૈયારી માટે ગુજરાતની ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના સહયોગમાં લાખરા, બનિયારી, ભુજપુર અને બંધડી ગામોના સ્વયંસેવકો માટે બે દિવસનો એક નિવાસી તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તેનો હેતુ ૫૦ સહભાગીઓને આપત્તિના સામનાની તૈયારી અને તાકીદતાની પરિસ્થિતિમાં પ્રાથમિક સારવાર વિશે અભિમુખ કરવાનો હતો. વોંધ ગામના લાખરાપરાની ભરતગૂંથણ કરનારી ૫૦ મહિલાઓ માટે ૫ દિવસની એક ઉત્પાદન કાર્યશાળા યોજવામાં આવી હતી. તેનો હેતુ તેમની કુશળતા વધારવાનો હતો. ભચાઉ તાલુકાનાં નંદગામ, નવાગામ અને મોરગર ગામનાં સ્વસહાય જૂથોના ૧૬ સભ્યો માટે 'સેવા'ના વિવિધ એકમો જોવાનો એક શૈક્ષણિક પ્રવાસ ગોઠવવામાં આવ્યો હતો.

## ૨. નાગરિક નેતૃત્વ અને શાસન

### ગ્રામીણ

ગુજરાતમાં ૧૦-૧૨-૨૦૦૬ના રોજ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાઈ. તે અગાઉ અમદાવાદ, સાબરકાંઠા, કચ્છ અને જામનગર જિલ્લાના છ તાલુકામાં નાગરિક સમાજનાં સંગઠનોના સહયોગમાં મતદાર જાગૃતિ ઝુંબેશ ચલાવવામાં આવી. નાગરિકોને તેમના મતાધિકાર વિશે

માહિતગાર કરવા માટે વિવિધ વ્યૂહરચનાઓનો ઉપયોગ કરવામાં આવ્યો. નાગરિક નેતાઓનાં પ્રાદેશિક સ્તરનાં નેટવર્ક્સને સમુદાય સ્તરે કેવી રીતે બેઠકો યોજવી તે વિશે અભિમુખ કરાયાં, સરઘસો કાઢવામાં આવ્યાં, યોગ્ય ઉમેદવારની ચૂંટણીના મહત્ત્વને દર્શાવતાં ભીંતચિત્રો પણ ગામોમાં લગાડાયાં, ઉમેદવારીની પ્રક્રિયા સુલભ બને તે માટે માહિતી કેન્દ્રોની સ્થાપના કરવામાં આવી અને અમારા નિયમિત સમાચારપત્ર 'પંચાયત જગત'માં ગ્રામીણ શાસન સંબંધી પ્રશ્નોને આવરી લેવાયા અને ગ્રામ પંચાયતોની ચૂંટણી સંબંધી નિયમો અને કાર્યવાહીઓની વિગતો તેમાં આપવામાં આવી. સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર, વિજયનગર, ઈડર અને મોડાસા તાલુકાની ૪૦ ગ્રામ પંચાયતોના ૧૫૦ જેટલા નાગરિક નેતાઓને માહિતી અધિકાર ધારા અને રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી ધારાની જોગવાઈઓ અને તેમના અમલમાં નાગરિકોની ભૂમિકા વિશે અભિમુખ કરાયા. આ મુદ્દા ઉપરાંત, તાજેતરમાં જ ઘડાયેલા ઘરેલૂ હિંસા ધારાની જોગવાઈઓ સહિત અન્ય બાબતો અંગે ૩૦ મહિલા નેતાઓ માટે ખાસ અભિમુખતા કાર્યક્રમ યોજવામાં આવ્યો. 'રાજ્ય ગ્રામ વિકાસ સંસ્થાન' (એસ.આઈ.આર.ડી.)ના સહયોગમાં પંચાયતની નાણાં વ્યવસ્થા અને સુશાસન વિશે સેટકોમ મારફતે રાજ્યની ૮૦૦૦ પંચાયતો માટે બે દિવસનો એક અભિમુખતા કાર્યક્રમ યોજવામાં આવ્યો.

રાજસ્થાનમાં જોધપુર જિલ્લામાં ૮ તાલુકામાં ૮ પંચાયત સંસાધન કેન્દ્રો કાર્યરત છે. શેરગઢ અને બાલેસર તાલુકામાં પંચાયતોના પ્રતિનિધિઓ માટે તાલુકા સ્તરની બેઠકો યોજવામાં આવી. તેમાં સંસાધન જૂથના સભ્યો, પંચાયત સભ્યો, પંચાયત સમિતિના સભ્યો અને જિલ્લા પંચાયતના પ્રમુખ વગેરે જેવા વિવિધ હિતધારકોએ ભાગ લીધો હતો. સ્ટાફ અને પંચાયતોના પ્રતિનિધિઓના ક્ષમતા વર્ધન માટે શૈક્ષણિક સામગ્રીનું વિપુલ માત્રામાં સર્જન કરાયું. એ ઉપરાંત સાપ્તાહિક રેડિયો કાર્યક્રમનું પ્રસારણ ચાલુ છે અને 'સ્વરાજ' પત્રિકાનું પ્રકાશન થઈ રહ્યું છે. ગ્રામ સભા વિશે બે ફિલ્મો, પંચાયતી રાજ ધારાનાં વ્યવહારુ પાસાં વિશેનું મેન્યુઅલ અને પશ્ચિમ રાજસ્થાનમાં પંચાયતી રાજની સ્થિતિ વિશેનો એક અહેવાલ વગેરે પ્રકાશિત કરાયાં.

**શહેરી**

ગુજરાતમાં નગરપાલિકાઓ દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓ સુધારવા માટે ધોળકા અને ખેડબ્રહ્મા નગરપાલિકાઓ માટે સફાઈની સેવાઓ ઉપર દેખરેખ રાખવામાં આવી. જે તે નગરપાલિકા માટે સેવા પૂરી પાડવાનું તંત્ર ત્યાં કેવું છે તેને વિશે માહિતી એકત્ર કરવામાં આવી અને એ માહિતી સેવા સુધારવાના માર્ગો વિચારવા માટે સમુદાયને આપવામાં આવી. ધોળકા અને ખેડબ્રહ્મા નગરપાલિકાઓમાં નાગરિકોને તેમના પરિવારમાં થતા જન્મ-મરણની નોંધણી કરાવવા માટે પ્રોત્સાહન અપાય છે. ખાસ કરીને વિચરતી જાતિના લોકો અને રોજમદારો માટે આ કાર્ય કરવામાં આવે છે. જી.યુ.ડી.સી. વેરાવળ નગર માટે એક અભ્યાસપત્ર તૈયાર કરાયો છે. તેમાં નગરની વિકાસ યોજનામાં અસહાય વર્ગોનો સમાવેશ કરવા માટેનું તંત્ર સૂચવવામાં આવ્યું છે.

જોધપુરમાં શહેરી સંસાધન કેન્દ્ર સ્થાપવાની પ્રક્રિયા શરૂ કરાઈ છે અને અસહાય જૂથો તથા પાયાની સવલતોની પ્રાપ્યતા વિશે પ્રાથમિક માહિતી એકત્ર કરવામાં આવી છે. જોધપુર ખાતે એક દિવસના પરિસંવાદમાં ૪૦ હિતધારકોએ કેન્દ્ર સરકારના 'રાષ્ટ્રીય શહેરી પુનરુત્થાન મિશન' વિશે ચર્ચા કરી હતી. પછીથી આ ચર્ચાના મુદ્દાઓ વિશે 'પ્રિયા'ના સહયોગમાં યોજાયેલા રાજ્ય સ્તરીય પરિસંવાદમાં રજૂઆત થઈ હતી.

રાજસ્થાનના ૪ જુદા જુદા પ્રદેશોમાંના ૪ જિલ્લા જોધપુર, ટોંક, બાંસવાડા અને ઝુનઝુનુમાં 'જાહેર ક્ષેત્રમાં મહિલાઓની સહભાગિતાની મજબૂતાઈ' વિશે એક કાર્યલક્ષી સંશોધન હાથ ધરવામાં આવ્યું છે. તેનો ઉદ્દેશ પરામર્શ, ક્ષમતા વર્ધન અને હિમાયત દ્વારા જાહેર જીવનમાં મહિલાઓની સહભાગિતા માટે સાનુકૂળ વાતાવરણ ઊભું કરવાનો છે. એક દિવસની એક કાર્યશાળામાં આ અભ્યાસની પદ્ધતિ વિશે ચર્ચા યોજાઈ હતી. તેમાં દાતા સંસ્થાઓ, વિદ્યા જગતની સંસ્થાઓ, સરકાર અને નાગરિક સમાજનાં સંગઠનોના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા અને તેમણે વિવિધ સૂચનો કર્યાં હતાં.

## પૃષ્ઠ ૧નું શેષ

કરી શકે છે. તેથી સ્ત્રીઓ સક્રિય રીતે ગ્રામ સભામાં ભાગ લે એ જોવું મહત્ત્વનું છે. તેઓ માત્ર તેમની જરૂરિયાતો જ વ્યક્ત ન કરે પરંતુ આપણા સમાજમાં હજુ પણ જેઓ સ્વીકૃત નથી તેવાં વિવિધ વર્ગો, જ્ઞાતિઓ અને જૂથોનાં શાળાએ જતાં છોકરા-છોકરીઓ, પુરુષો અને સમુદાયોની જરૂરિયાતો વિશે પણ વિચારશે. સ્ત્રીઓ તેમના પોતાના પર્યાવરણમાં આ કાર્ય કરવા માટે ઘણી રીતે સુસ્થાપિત છે કારણ કે તેઓ આ પ્રશ્નોની સમજ વધારે સંવેદનશીલ રીતે ધરાવે છે. આ એક એવું સ્તર છે કે જ્યાં છેક નીચલા સ્તરેથી મહિલાલક્ષી અંદાજપત્રના મુદ્દાને વિશે વિચારી શકાશે.

બીજું એક સ્તર છે કે જેમાં સ્ત્રી-પુરુષ ભેદભાવ નિવારણની નીતિઓનો અમલ કરવા માટેની માંગ સ્થાનિક સ્તરે ઊભી થાય છે. ગુજરાતમાં ‘સ્ત્રી-પુરુષ સમતા નીતિ’ ૨૦૦૬માં ઘડવામાં આવી. તેમાં બે ભાગ છે. પ્રથમ ભાગમાં નીતિ જેના પર આધારિત છે એવી માર્ગરેખાઓ અને સિદ્ધાંતો છે અને તે શું સિદ્ધ કરવા માગે છે તે છે. બીજો ભાગ ભાગ્યે જ કોઈ નીતિમાં હોય તેને વિશે છે તે સમય મર્યાદા સાથેની કાર્યલક્ષી યોજના વિશેનો છે અને તેમાં અમલકર્તા સંસ્થાઓ અને ચાવીરૂપ સત્તાવાળાઓનાં નામો આપવામાં આવ્યાં છે. સરકાર સ્તરે મહિલાલક્ષી અંદાજપત્ર બનાવવાની એક શરૂઆત છે.

ત્રીજું સ્તર પ્રશિક્ષણ અને ક્ષમતા વર્ધન સાથે સંબંધિત છે. આપણા દેશમાં એને એક એવી વસ્તુ ગણવામાં આવે છે કે જેને વધુ પ્રાથમિકતા આપવાની જરૂર નથી. પરિણામે તેની એ અસર ઊભી થાય કે સરકારી કાર્યવાહકો કે નાગરિકો છેલ્લામાં છેલ્લી વિગતો વિશે જાણકાર હોતા નથી અને તેમને તેમની આસપાસ કે જગતમાં જે શ્રેષ્ઠ પ્રણાલીઓ ઊભી થઈ રહી હોય એ મુજબ કાર્ય કરવાનો ઉત્સાહ પ્રાપ્ત થતો નથી. કશુંક નવું કરવા માટે તેમની પાસે પર્યાપ્ત જ્ઞાન નથી અથવા તેઓ પોતે તે માટે સક્ષમ છે તેવું તેઓ માનતા નથી. મારા મતે મહિલાલક્ષી અંદાજપત્ર માટે પણ તમામ સ્તરે પદ્ધતિસરની તાલીમ અને ક્ષમતા વર્ધન ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. પછી ભલે ને તે સરકાર હોય કે બીજું કોઈ વિકાસલક્ષી સંગઠન હોય, કારણ કે આગળ વધવાનો એ જ એક રસ્તો છે.

છેલ્લે, એ બાબત ઉપર ભાર મૂકવાનું મને ગમશે કે વિવિધ સ્તરે અનેક નીતિઓ, નિયમો, નિયમનો અને માર્ગરેખાઓ તૈયાર થાય છે. ઘણી વાર અસરગ્રસ્ત જૂથોને ધ્યાનમાં લેવામાં આવતાં નથી. જ્યારે નીતિઓનો અમલ થાય છે ત્યારે વપરાશકાર જૂથની સહભાગિતા મર્યાદિત હોય છે તેથી ઈચ્છિત પરિણામો આપણે મેળવી શકતા નથી. તેથી મહિલાલક્ષી અંદાજપત્ર તરફ આગળ વધતાં પહેલાં લોકોને વિશ્વાસમાં લેવાનું અને પગલાં નક્કી કરવામાં તેમને સમાન ભાગીદાર બનાવવાનું જરૂરી છે. ગુજરાતમાં સરકાર આ પ્રક્રિયાને આગળ ધપાવવા માટે પ્રતિબદ્ધ છે, અને વિવિધ સરકારી વિભાગોને મહિલા દૃષ્ટિકોણથી તેમનાં અંદાજપત્રોનું વિશ્લેષણ કેવી રીતે કરી શકાય તેની ચર્ચા કરવા માટે અનેક બેઠકો યોજી છે. પ્રથમ પગલા તરીકે ૧૦ ખાતાંઓના વરિષ્ઠ અધિકારીઓને આ વિષય વિશે અભિમુખ કરવામાં આવ્યા છે. આ સામયિકમાં મહિલાઓ પ્રત્યે પ્રતિભાવાત્મક બજેટના ખ્યાલને વિસ્તૃત રીતે રજૂ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે અને આ પ્રક્રિયાને વ્યવહારમાં લાવવા અને તેને સંસ્થાકીય સ્વરૂપ આપવા વિવિધ સ્તરે જે પ્રક્રિયાઓ ચાલે છે તેનું વર્ણન કરવામાં આવ્યું છે.

***યોગદાનઃ સુશ્રી અનિતા કારવાલ, મહાનિયામક (આઈ.એ.એસ.), સરદાર પટેલ જાહેર વહીવટ સંસ્થાન (સ્પિપા), અમદાવાદ.***

**ઉન્નતિ**

**વિકાસ શિક્ષણ સંગઠન**

જી-૧, ૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

ફોન: ૦૭૯-૨૬૭૪૬૧૪૫, ૨૬૭૩૩૨૯૬ ફેક્સ: ૦૭૯-૨૬૭૪૩૭૫૨. ઈ-મેલ: sie@unnati.org, વેબસાઈટ: www.unnati.org

ક્ષેત્રીય કાર્યાલય: જી-૫૫, શાસ્ત્રીનગર, જોધપુર-૩૪૨ ૦૦૩, રાજસ્થાન.

ફોન/ફેક્સ: ૦૨૯૧-૨૬૪૩૨૪૮ ફોનઃ ૦૨૯૧-૨૬૪૨૧૮૫, ઈ-મેલ: unnati@datainfosys.net

ડિઝાઈન : રમેશ પટેલ, ‘ઉન્નતિ’.

મુદ્રણ: બંસીધર ઓફસેટ, અમદાવાદ. ફોનઃ ૯૮૨૫૧૫૬૪૦૨

આપ લોકશિક્ષણ કે તાલીમ માટે વિચારમાં પ્રકાશિત સામગ્રીનો સહર્ષ ઉપયોગ કરી શકો છો. ઉપયોગ કરનારને વિનંતી કે આ સ્રોતનો ઉલ્લેખ કરવાનું ના ભૂલે તથા પોતાના ઉપયોગથી અમને માહિતગાર કરે કે જેથી અમે પણ કંઈક શીખી શકીએ.